
સમગ્ર ગુજરાતના કોઈપણ ખૂણામાં વસતો વાળંદ બંધુ શિક્ષિત, સંસ્કારી, સ્વાશ્રયી, સુખી અને શહેરી બને તે ધ્યેય દ્દષ્ટિ સમક્ષ રાખીને કાર્યરત સંગઠન એટલે ગુજરાત વાળંદ સેવા સંઘ

# વાળંદ વિકાસ




દરેક અંગ્રેજી મહિનાની બીજી તારીખે પ્રસિદ્ધ થાય છે

વર્ષ : ૬૮ ● અંક - ૬ ● જૂન ૨૦૨૪ ● છૂટક પ્રત રૂ. ૧૦/- આદ્યતંત્રી : સ્વ. મોહનલાલ મુળજીભાઈ વાળંદ (મેજીસ્ટ્રેટ)

-: 'સંઘ'ના સંસ્થાપકો :-



સ્વ. મોહનલાલ વાળંદ




સ્વ. રેવાભાઈ નાયી




સ્વ. ગોરધનદાસ દલાલ





-: 'સંઘ'ના ઉધ્ધારકો :-



સ્વ. જ્યોતીન્દ્રભાઈ નાયી



સ્વ. શારદાબેન નાયી



સ્વ. કાંતિભાઈ નાયી

## નવીન બહુમાળી સમાજ ભવન

## સાંસ્કૃતિક અને શૈક્ષણિક ઉત્થાનરૂપી નવિન વિદ્યાર્થીગૃહ ઇમારતનું ભવ્ય નજરાણું

સમાજ સંકલ્પ કરે છે. આ ગૌરવરૂપ પ્રોજેક્ટ આપ સર્વેના સાથ-સહકાર થકી સમાજમાં શૈક્ષણિક ક્રાંતિનું પ્રતિબિંબ બની રહેશે.

બેંક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા
બેંક ખાતા નં. ૧૦૦૨૯૮૪૧૨૧
**ગુજરાત વાળંદ સેવા સંઘ અમદાવાદ**
સ્થાપના ૨૦ એપ્રિલ, ૧૯૫૭,
પબ્લિક રજિ. નં. એ-૧૮૨૪

દાન જમા કરાવવા માટે ક્યુઆર કોડ

નમ્ર અપીલ : સમાજનો કોઈ જ્ઞાતિબંધુ આ શૈક્ષણિક ભવનમાં યથાયોગ્ય દાન આપ્યા વિના ન રહી જાય તેવી વિનંતી.
નોંધ : આ પ્રોજેક્ટ માટે સંસ્થાને આપેલ દાન આવકવેરા ધારાની કલમ 80(G) હેઠળની જોગવાઈ મુજબ કરમુક્તિને પાત્ર છે.

# BIO-DATA

## PERSONAL DETAILS



| | | |
|---|---|---|
| Name | : | **Maharsh Alkesh Suryawala** |
| Date of Birth | : | 18 September 1998 |
| Place of Birth | : | Ahmedabad, Gujarat, India |
| Height / Weight | : | 6 feet 2 inches / 75 Kg. |
| Education | : | B.Tech Information and Communication Technology (Ahmedabad University, Gujarat, India)<br>Master of Science in Computer Science and Engineering (Santa Clara University, CA, USA) |
| Job/Occupation | : | Working as Systems Development Engineer at Amazon Web Services, Seattle, WA, USA |
| Hobbies | : | Singing, Playing guitar, Traveling |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Father | : | Alkesh Madhusudan Suryawala (Business) |
| Mother | : | Sudha Suryawala (Homemaker) |
| Sister (Married) | : | Dr. Urva Suryawala (Pediatric Dentist, USA) |
| Brother in law | : | Dr. Kashyap Sharma (General Dentist, USA) |

## CONTACT DETAILS

| | | |
|---|---|---|
| Contact Details | : | Alkesh Suryawala (+91 98250 08685)<br>Sudha Suryawala (099792 98963) |
| Residence | : | 4B, Mahagujarat Society, Part-1,<br>Ankur Cross Roads, Naranpura, Ahmedabad-380013 |
| Email Address | : | alkeshsuryawala@gmail.com<br>(Preferred mode of contact) |

# ગુજરાત વાળંદ સેવા સંઘ

(પબ્લીક ટ્રસ્ટ રજી. નં. ૧૮૨૪)

**: પ્રમુખ :**

**શ્રી વિપુલભાઈ વી. દલાલ (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૪૫૨૫૨૪૪, વોટ્સેપ નં. +1 (678) 677-0003

**: મંત્રી :**

**શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય (ટ્રસ્ટી)**
મો. ૭૪૦૫૮૨૮૯૫૫

: ઉપપ્રમુખ :

**શ્રી સંજયભાઈ ચંદુલાલ પારેખ (ટ્રસ્ટી)**
મો. ૯૯૦૯૦૦૧૯૭૦

**શ્રી પંકજભાઈ કે. નાયી (ટ્રસ્ટી)**
મો. ૯૮૭૯૦૯૮૮૮૭

**શ્રી મહેન્દ્રભાઈ રતિલાલ બાવરિયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૬૩૪૨૫૬

**શ્રી વિજયભાઈ ધીરુભાઈ બગથરીયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૦૮૯૦૦૧

**: સહમંત્રી :**

**શ્રી વિજયભાઈ મણીલાલ લિમ્બાચીયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૩૦૫૩૬૨

**શ્રી પ્રવિણકુમાર શીવરામભાઈ લિમ્બાચીયા (ટ્રસ્ટી)**
મો. ૯૪૨૮૦૦૮૭૫૪

**શ્રી મહેશભાઈ પ્રવીણભાઈ જોટંગીયા (ટ્રસ્ટી)**
મો. ૮૩૪૭૩૮૮૮૮૮

**: કોષાધ્યક્ષ :**

**શ્રી નરોત્તમભાઈ હેમાભાઈ નાયી (ટ્રસ્ટી)**
મો. ૯૮૯૮૯૫૯૩૦૫

**: અન્વેષક :**

**શ્રી મૌલિકભાઈ ભરતભાઈ પારેખ (સી.એ.)**
મો. ૯૬૩૮૧૮૦૦૦૭

**: શ્રી પુંધરા વાળંદ વિદ્યાર્થી ગૃહ :**

**ચેરમેન : શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૭૭૬૯૦૦

**વા.ચેરમેન : શ્રી અલ્પેશભાઈ મધુસુદન લિમ્બાચીયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૭૯૧૧૧૨૯૫

**મંત્રી : શ્રી દેવેન્દ્રભાઈ લલિતચંદ્ર કોન્ટ્રાક્ટર (ટ્રસ્ટી)**
મો. ૯૮૭૯૬૯૬૮૬૯

**: રેવાબા સાંસ્કૃતિક હૉલ :**

**ચેરમેન : શ્રી અરવિંદભાઈ એસ. દમણી (ટ્રસ્ટી)**
મો. ૯૩૭૭૫૬૦૮૪૨

**વાઈસ ચેરમેન : શ્રી મયુરધ્વજ કે. લિમ્બાચિયા (ટ્રસ્ટી)**
મો. ૯૪૨૬૩૬૭૦૭૭

**મંત્રી : શ્રી એસ. બી. પારેખ (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૯૭૫૨૩૬

**: અન્ય ટ્રસ્ટી મંડળ :**

શ્રી સુરેશભાઈ જે. શર્મા (અમદાવાદ)
શ્રી રમેશચંદ્ર પી. લિમ્બાચીયા (પાટણ)
શ્રી બી. ટી. નાયી (પાલ્લા)

**: બિલ્ડીંગ પ્રોજેક્ટ કમિટિ (ઇજનેરી પાંખ) :**

ચેરમેન : શ્રી કાળીદાસ કે. પારેખ, (ટ્રસ્ટી) • વા. ચેરમેન શ્રી ગોપાલભાઈ કે. વાળંદ, (ટ્રસ્ટી) • એન્જિનીયર : શ્રી ભાવિનભાઈ બી. લિમ્બાચિયા મો. ૯૯૨૫૬૦૪૪૪૩

શ્રી હર્ષદભાઈ નાથાભાઈ પારેખ (ટ્રસ્ટી)
શ્રી અરવિંદભાઈ જે. શર્મા (યુએસએ)
શ્રી હરિભાઈ કાનજીભાઈ લિમ્બાચીયા (ટ્રસ્ટી)
શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)
શ્રી સંજયભાઈ સી. પારેખ (ટ્રસ્ટી)
શ્રી મહેશભાઈ જોટંગિયા (ટ્રસ્ટી)
શ્રી કિરીટકુમાર એમ. ભટ્ટી
શ્રી દિલીપભાઈ જે. વાઘેલા
શ્રી હસમુખભાઈ આર. પારેખ

**: હિસાબી-વહિવટી પાંખ :**

શ્રી મફતભાઈ વી. પારેખ
શ્રી જયંતિભાઈ કે. લિમ્બાચિયા
શ્રી નરોત્તમભાઈ એચ. નાયી
શ્રી વિપુલભાઈ વી. દલાલ
શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય

**: એડવાઈઝરી કમિટિ :**

શ્રી શરદભાઈ જે. શર્મા (વિજાપુર)
શ્રી અશોકભાઈ એ. વૈદ્ય (મહેસાણા)
શ્રી પ્રકાશચંદ્ર એન. વૈદ (હિંમતનગર)
શ્રી બિપીનભાઈ આર. વાળંદ (ટીમ્બા, સુરત)
શ્રી ચૈતન્યભાઈ મહાવદિયા (અમદાવાદ)
શ્રી જીતુભાઈ ખરચરિયા (અમદાવાદ)

**: પ્રચાર-પ્રસાર કમિટિ :**

શ્રી રાજેશભાઈ વાજા, સેનબંધુ સમાજ (સુરત)
શ્રી દામજીભાઈ ગોંડલિયા, સેનમિત્ર (રાજકોટ)
શ્રી વિપુલભાઈ વાળંદ સમાચાર (ભાવનગર)
શ્રી રમણભાઈ જી. લિમ્બાચીયા (અમદાવાદ)
શ્રી શશીભાઈ પારેખ (આણંદ)
શ્રી શૈલેશભાઈ એન. નાયી (દિયોદર)

# વાળંદ વિકાસ

Email : valandvikas@valandsevasangh.org

પ્રકાશક : **શ્રી બાલુભાઈ બી. પારેખ**
મો. : ૯૪૨૮૫૦૩૨૯૧
તંત્રી : **શ્રી જયંતીભાઈ કે. લિમ્બાચીયા**
મો. : ૯૪૨૮૦૪૧૦૧૯
સહતંત્રી : **શ્રી બી. ટી. નાયી (ટ્રસ્ટી) (પાલ્લા)**
મો. : ૯૪૨૬૩૯૧૩૦૨

| વાર્ષિક લવાજમ | આજીવન લવાજમ |
|---|---|
| દેશમાં રૂા. ૧૫૦/- | દેશમાં રૂા.૧૫૦૦/- |
| પરદેશમાં રૂા. ૧૫૦૦/- | પરદેશમાં રૂા.૧૫૦૦૦/- |

૧. વાળંદ વિકાસ એ જ્ઞાતિના વાચકોને વિવિધ વાંચન સામગ્રી પૂરી પાડતું પ્રિન્ટ મીડિયાનું માધ્યમ છે. તેમાં પ્રસિદ્ધિ પામતું લખાણ સંસ્થાના રેકર્ડમાં જરૂરી રહે છે. જેથી વા.વિ.ને છાપવા માટે લખાણ મોકલનારે ફુલસ્કેપ કાગળ પર ટાઈપ કરી અથવા સારા અક્ષરે પોતાના નામ-સંપર્ક નંબર સહિત લખી કાર્યાલયના સરનામે મોકલી આપવું. બહુ જરૂરી હોય તો લખાણનો ફોટો પાડી વૉટ્સએપથી તંત્રીને મોકલવું. આ સિવાય પોતાના મોબાઈલ પર ટાઈપ કરેલું કે ફોરવર્ડેડ મેસેજ સ્વરૂપનું લખાણ મોકલવું નહિ. આવું લખાણ વાળંદ વિકાસમાં છાપી શકાશે નહિ જેની નોંધ લેવા વિનંતી.

૨. વાળંદ વિકાસમાં પ્રસિદ્ધિ માટે આવતું મેટર, લેખ, બહુવિધ સુરુચિ જળવાય તેની યોગ્યતા ચકાસી ઉપલબ્ધ રહેતી જગ્યા અનુસાર સમાવવા પ્રયત્ન કરવામાં આવશે.

૩. વાળંદ વિકાસના લવાજમ, સરનામાં ફેરફાર, અંક ન મળ્યો હોવાની રજુઆત **કાર્યાલયના મેનેજર શ્રી ડાહ્યાભાઈ લિમ્બાચીયાનો સંપર્ક તેમના મો. નં. ૯૫૧૦૦૮૩૩૨૬ પર કરવી.** જે ચકાસણી કરી હકીકત જણાવશે. વ્યાજબી અને પૂરતા અગત્યના કારણો સિવાય તંત્રી-પ્રકાશકને સીધી રજુઆત નહિ કરવા નમ્ર વિનંતી છે.

૪. વાળંદ વિકાસનું લવાજમ કે તેમાં પ્રસિદ્ધ થતા બાયોડેટા, શ્રદ્ધાંજલિ, જ્ઞાતિ-ગૌરવ વિગેરે માટેના દરનાં નાણાં 'વાળંદ વિકાસ'ના નામે એકાઉન્ટ પેઈ ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી મોકલી શકાય છે અથવા નીચેની બેંકની વિગતો મુજબ બેંક ખાતામાં સીધેસીધાં ભરી શકાશે. નાણાં સીધેસીધાં જમા કરાવવાના કિસ્સામાં જમા રસીદની ઝેરોક્ષ નકલ કાર્યલયમાં તુર્તજ મોકલી આપવાની રહેશે તથા કાર્યાલયના ફોન નંબર ૦૭૯-૨૬૩૦૩૦૨૮ પર જાણ કરવાની રહેશે.

| | |
|---|---|
| બેંકનું નામ | : **બેંક ઓફ ઇન્ડિયા** |
| શાખા | : પંચવટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬ |
| બેંક એકાઉન્ટ નં. | : 200110100010827 |
| ખાતાનું નામ | : વાળંદ વિકાસ |
| IFSC Code | : BKID0002001 |
| MICR Code | : 380013040 |

**-: કાર્યાલય :-**
**ગુજરાત વાળંદ સેવા સંઘ,** C/o. સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ કેમ્પસ, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬ ફોન : ૦૭૯-૨૬૩૦૩૦૨૮
www.valandsevasangh.org
Email : valandsevasangh@gmail.com


## જ્ઞાનગંગા

આપણા ગૃહસ્થીઓને જ પરિગ્રહ હોય છે એવું નથી. બ્રહ્મચારીઓ, વાનપ્રસ્થ જીવન ગાળતા લોકો અને સન્યાસીઓ પણ જરૂરિયાત કરતાં વધુ વસ્તુઓનો સંગ્રહ કરતા હોય છે. પરિગ્રહી સાધુ અને સંગ્રહખોર ગૃહસ્થી સમાન જ છે.વ્યક્તિ સજાગ ન હોય તો બ્રહ્મચર્યાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ કે સન્યસ્તાશ્રમ પણ બંધનરૂપ બની જાય છે. કોઈ પણ વસ્તુને આપણે અપનાવીએ અને પછી તેને પકડી રાખીએ તેને પરિગ્રહ ગણવો જોઈએ. પછી તે શરીર હોય, સંપત્તિ હોય, કુટુંબીજનો કે સ્નેહીજનો હોય. આપણે વ્યક્તિઓ પર કે પદાર્થો પર એટલા માટે પકડ રાખવા ધારીએ છીએ કે એમને કારણે આપણે વધુ શક્તિશાળી બનીએ છીએ એવી આપણી માન્યતા છે. પરિગ્રહ વધવાની સાથે પરતંત્રતા વધતી જાય છે અને ચિંતા પણ વધતી જાય છે. પરિગ્રહમાંથી છૂટવાનું છે. શરીર છે ત્યાં સુંધી બહારની વસ્તુનું જીવનમાં ખપ પૂરતું મહત્વ છે પણ કેન્દ્રસ્થાને ન આવવું જોઈએ. આંતરિક પરિગ્રહમાંથી પણ મુક્ત થવું જોઈએ. જેમ વસ્તુનો,ધનનો, પુસ્તકોનો વગેરેનો પરિગ્રહ હોય છે તેમ કીર્તિ, જ્ઞાન,પદ આદિનો પણ પરિગ્રહ હોય છે. કંઈક પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય ત્યાં સુંધી પરિગ્રહના પાશમાંથી છૂટાતું નથી. પરિગ્રહને લોભ સાથે પણ સીધો સંબંધ છે. ખરેખર તો પરિગ્રહનું મૂળ આકાંક્ષા કે વાસના છે અને તેમાંથી છૂટવાનો ઉપાય સ્વની અનુભૂતિ છે. આત્મબોધ થાય એટલે ધીરે ધીરે અપૂર્ણતા હટતી જાય છે અને પૂર્ણ સાથે અથવા અખિલાઈ સાથે અનુસંધાન થતું જાય છે તેમ પરિગ્રહ સંકોડાતો જાય છે, તૃષ્ણા મંદ પડતી જાય છે...!!!

આપણે મોટાભાગે દેહનો ભોગ માટે ઉપયોગ કરીએ છીએ. મન અને ઇન્દ્રિયોને વશ વર્તી પશુવત્ જીવન પૂરું કરીએ છીએ. ઘણા ઇન્દ્રિયો ઉપર કંટ્રોલ કરવાનું કહે છે તે સામાન્ય નથી પણ મન અને પંચેન્દ્રિયની ભોગવૃત્તિ શાંત કરી દઈ તેમને ભગવાન ભણી વાળી શકાય છે. જીભનો ઉપયોગ નામસ્મરણ, મંત્રજાપ ટૂંકમાં હરિરસનું પાન કરવામાં, કાનનો ઉપયોગ ભગવાનનાં ગુણગાનનું શ્રવણ કરવામાં, આંખનો ઉપયોગ ભગવાનની લીલાનું દર્શન કરવામાં, ભગવાનની તસ્વીરના / મૂર્તિના દર્શન કરવામાં, નાકનો ઉપયોગ ભગવાનની સુવાસ સાથે તાદાત્મ્ય સાધવામાં અને ત્વચાનો ઉપયોગ વિભુના દિવ્ય સર્જનોનો પાવનકારી સ્પર્શ પામવામાં ઉપયોગ કરી શકાય.આમ સદ્ઉપયોગ કરી પ્રભુના સાનિધ્યમાં સારી રીતે જીવી શકાય...!!!

**- જય સચ્ચિદાનંદ**



## તંત્રીની કલમે

# તમાકુનું વ્યસન મનુષ્યજીવનનું નકારાત્મક પાસું

એકત્રીસમી મેનો દિવસ વિશ્વમાં 'વર્લ્ડ નો ટોબેકો ડે' એટલે કે તમાકુ નિષેધ દિન તરીકે ઉજવાય છે. સ્વસ્થ અને નિરામય પરિવાર-જ્ઞાતિ-સમાજ-રાષ્ટ્ર, વિશ્વના નિર્માણ માટે તમાકુ નિષેધ અત્યંત જરૂરી પરિબળ છે એ વિષે ભાગ્યે જ બે મત હોઈ શકે. હાલમાં આપણી સરકારોએ રચેલા અને અમલી ધૂમ્રપાન - તમાકુ સેવનના નિયંત્રણના કાયદાનું અસરકારક પાલન કરવામાં આવે તો તમાકુ સેવનની ટેવથી થતી વિઘાતક અસરોથી માનવજાત મુક્ત બની શકે. જો કે આમાં કાયદાના અમલની સાથે સાથે વ્યક્તિની પોતાની આંતરસૂઝ-સ્વયંશિસ્ત જ વધુ સારાં પરિણામલક્ષી બની શકે. પ્રજાએ સ્વયંભૂ આ માટેનાં અસરકારક આયોજનો થકી તમાકુની સ્ફોટક અસરો પરત્વે જાગૃતિ કેળવાય તેવી ઝુંબેશ ઉપાડવી જોઈએ.

તમાકુ સેવનની શરૂઆત ક્યારે થઈ હશે તે વિષે કોઈ પ્રમાણભૂત આધારો નથી પણ કદાચ પાંચસો વર્ષો આસપાસનો તમાકુ-ધ્રુમપાનનો ઇતિહાસ હશે. એટલા સમયથી તમાકુ સેવન વિવિધ પ્રકારે જેવા કે ધૂમ્રપાન, ચાવીને ખાવામાં, દાંત-પેઢાં વચ્ચે મોમાં મૂકીને, છીંકણી સ્વરૂપે સૂંઘવામાં કે દાંતે ઘસવામાં વિગેરે સ્વરૂપે થતું આવ્યું છે. સાધન સંપન્ન ઉચ્ચ વર્ગમાં તમાકુ સિગરેટ, ચીરૂટ, હોકા વિગેરે પદ્ધતિથી ઉપયોગમાં લેવાય છે તો વળી મધ્યમ કે નીચલા વર્ગમાં સાદી બીડી, ચલમ, ચૂંગીના માધ્યમે કસ ખેંચવામાં, ચૂના મિશ્રિત કરી મોંમાં મૂકવામાં, માવા સ્વરૂપે ખાવામાં કે સૂંઘવામાં વિગેરે પ્રકારે ઉપયોગમાં લેવાય છે. તેમાંય વળી હાલ પ્રચલિત સુગંધીયુક્ત ગુટખા-તમાકુ ચાવવાનો જે ટ્રેન્ડ શરૂ થયો છે તે પણ મોં, ગળું, અન્નનળી, આંતરડા વિગેરે બગાડી સ્વાસ્થ્યને હાનિકારક છે.

જાહેરમાં ધૂમ્રપાન કરનારને જે નુકસાન થાય છે તેના કરતાં પણ હવામાં છોડાતા તમાકુના ધુમાડા શ્વાસમાં લેનારને તેથી વધુ નુકસાન થાય છે. કોઈ એક વ્યક્તિ સિગરેટ - બીડીના ધૂમાડા કાઢતી હોય અને બીજાને એ ધૂમાડો સહન કરવો પડતો હોય તો એને પ્રચ્છન્ન ધૂમ્રપાન (Passive Smoking) કહે છે. પેસીવ સ્મોકીંગના ભોગ બનવાથી સ્વાસ્થ્ય પર વિપરીત અસર પામનારની સંખ્યા પણ મોટી છે. આવી છોડાયેલી ધૂમ્રસેરમાં સામાન્ય કરતાં કાર્બન મોનોક્સાઈડનું અને અન્ય ઝેરી તત્ત્વોનું પ્રમાણ વધારે હોય છે તેથી તો જાહેર સ્થળે ધૂમ્રપાન નિષેધનો સરકારે કાયદો બનાવ્યો છે. આવાં જાહેર સ્થળોમાં હોસ્પિટલ, શાળા-કોલેજ સંકૂલ, બસ કે રેલવે સ્ટેશન, હોટલ, થિયેટરો, બાગ-બગીચા વિગેરેનો સમાવેશ થાય છે. સ્વાસ્થ્ય માટે લાભદાયી આવા કાયદાના અસરકારક પાલનમાં સહભાગી થવાની એક સમજદાર નાગરિક તરીકે બધાની ફરજ છે. ધૂમ્રપાન કે અન્ય કોઈ રીતે તમાકુનું સેવન કરાય નહિ તે માટે સતત પ્રક્રિયાના ભાગરૂપે સમાજમાં જાગૃતિ આવવી જોઈએ. તે ક્ષેત્રે કરાતી પ્રવૃત્તિ એ પણ સાચી જ્ઞાતિ-સેવા સમાજસેવા કરી લેખાશે.

તમાકુનું સેવન એ વિશ્વમાં નિવારી શકાય તેવા મૃત્યુનું મુખ્યકારણ છે. કડવી પણ માનવી પડે તેવી નરી વાસ્તવિકતા એ છે કે ટોબેકો ખાવાની આદતમાં સૌથી આગળ કોઈ હોય તો એ ગુજરાત છે. અને આ જ કારણે ઓરલ કેન્સરની બાબતમાં પણ દેશમાં સૌથી આગળ છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) મુજબ સને ૨૦૦૫માં વિશ્વમાં તમાકુ સેવનથી ૫૪ લાખ લોકો મૃત્યુ પામ્યા હતા. ઓરલ કેન્સરના નામે ઓળખાતી બિમારી માટે તમાકુનું વ્યસન વિશેષ જવાબદાર છે. મોંઢામાં ભરી રાખવાની આદત પડે છે એવું તમાકુનું વ્યસન ઓરલ કેન્સરનું ગોત્રસ્થાન કહેવાય છે. તમાકુ મિશ્રિત સોપારી ખાતી વ્યક્તિનું મોં ધીરે-ધીરે જકડાઈ જાય છે જેનાથી ઓરલ સબમ્યૂક્સ ફાઈબ્રોશીસ નામનો રોગ થાય છે. જેમાંથી આગળ જતાં કેન્સર થાય છે.

તમાકુના યેનકેન પ્રકારેણ વ્યસની ક્યારે થઈ જવાય તેનો કોઈ ચોક્કસ પીરિયડ નથી પણ સામાન્યતઃ તમાકુ-ધ્રૂમપાનનું વળગણ ટીનએજથી લાગુ પડતું જોવાય છે. મિત્રો બનાવવા તેમજ આકર્ષક દેખાવા માટે તેઓ તમાકુનું સેવન શરૂ કરે છે. શાળા-કોલેજોની બહાર વિદ્યાર્થીઓમાં ધ્રૂમપાન-તમાકુ સેવનનું પ્રમાણ ચિંતાજનક પ્રમાણમાં જણાય છે. તેમાંય જો શાળા કોલેજના શિક્ષકો-સંચાલકો પણ તમાકુનું સેવન કરતાં નજરે પડે તો તેનો નકારાત્મક પ્રભાવ વિદ્યાર્થીઓ પર પડ્યા વિના રહે નહિ.

તમાકુ સીગરેટ અને બીડીના ધૂમાડાથી આશરે ચાર હજાર જેટલાં હાનિકારક તત્ત્વો શરીરમાં જઈ શકે છે. જે પૈકી ૭૦ જેટલાં કેમિકલ તો કેન્સર નોંતરે છે. ધ્રૂમપાન કરનારના પોતાના શરીરમાં દાખલ થતું નિકોટીન અને

ડામર તો લોહીમાં ઓક્સીજનનું પ્રમાણ ઘટાડી દઈ મોટું નુકસાન કરે છે. આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના અંદાજ મુજબ કામના સ્થળે અન્ય વ્યક્તિના ધ્રૂમપાનના ધૂમાડાથી દર વર્ષે લગભગ બે લાખ જેટલા કામદારો મૃત્યુ પામે છે. તમાકુ નિયંત્રણ કે નિષેધનો કાયદો ઘણો સારો છે. જેના કડક અમલ, અસરકારક પાલન અને જનજાગૃતિ દ્વારા તમાકુમુક્ત રાષ્ટ્રના નિર્માણ તરફ પગરણ માંડી શકાય, જેથી ધ્રૂમપાન નહિ કરનાર લોકોનો સ્વચ્છ વાતાવરણમાં શ્વાસ લેવાનો અધિકાર જળવાય અને સ્વસ્થ તંદુરસ્તી સભર સમાજનું નિર્માણ કરી શકાય.

આમ મહદઅંશે દેખાદેખી કે સામાજિક રીતે લોકોમાં વટ પાડવા માટે પ્રચલિત થયેલી ધૂમ્રપાનની આદતના કારણે છોડાતા નિકોટીનના ઊંચા પ્રમાણથી આપણા દેશમાં તમાકુ વિશેષ નુકસાનકારક છે. વર્ષમાં માત્ર ૩૧મી મે નહિ પણ વર્ષભરના ૩૬૫ દિવસને વિશ્વ તમાકુ નિષેધ દિન (World No Tobacco Day) તરીકે શું ન ઉજવી શકાય ? તમાકુના વ્યસનને રવાડે ચઢીને ક્ષણિક આનંદ માટે પોતાની જિંદગીને દોઝખ બનાવતા લોકોને ન અટકાવાય ?!

જો કે છેલ્લાં કેટલાંક વર્ષોથી વ્યસનમુક્તિ પરત્વે જાગૃતિ આવેલ જોવા મળે છે. આ માટે સ્વામિનારાયણ સંપ્રદાય સંસ્થાઓ, ગાયત્રી શક્તિપીઠો, સંતરામ મંદિર નડિયાદ તથા અન્ય એવી નામાંકિત ધાર્મિક સંસ્થાઓ સ્વખર્ચે દિલથી કામ કરી ઘણા વખતથી કાર્યરત છે. આપણે પણ આવી માનવજાત માટે ઉપકારક પ્રવૃત્તિમાં સહભાગી થઈએ તો તે સ્તુત્ય અને આવકારદાયક ગણાશે. વિચાર કરો કે જ્ઞાતિની સરેરાશ વ્યક્તિ તમાકુના કોઈપણ પ્રકારે ઉપયોગ પાછળ દૈનિક રૂા. ૪૦/- જેટલો ખર્ચ કરે તો માસિક રૂા. ૧૨૦૦/- જેટલો થાય અને વાર્ષિક આશરે રૂા. ૧૫,૦૦૦/- જેટલો ગણતાં વધતી મોંઘવારીની સાપેક્ષતાએ દશ વર્ષમાં ત્રણ લાખ રૂપિયા જેટલો ખર્ચ થાય. જો ધૂમ્રપાન-તમાકુથી દૂર રહી આટલી રકમ બચાવીએ તો ? બચાવેલી મૂડી કેટલી કામ લાગે !

તમાકુના નશાકારક વ્યસનથી વ્યક્તિને પોતાને તો શારીરિક હાનિ પહોંચે છે, સાથે કેન્સર જેવી પીડાકારી અને જીવલેણ બિમારીમાં સપડાયા પછી તેની લાંબી અને ખર્ચાળ સારવાર પાછળ પરિવાર અને પછીની પેઢીને કેટલી આર્થિક પાયમાલા વેઠવી પડે તે તો અનુભવે જ વર્તાય.

ચાલો આપણે આપણી જ્ઞાતિ કક્ષાએથી આજથી જ તમાકુસેવનને તિલાંજલિ આપી તમાકુ નિષેધ કરી - કરાવીને આપણી ભાવિ પેઢીને સુરક્ષિત કરીએ - તેમનું ભવિષ્ય ઉજ્જ્વળ કરીએ અને 'સર્વેત્ર સુખિનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયા' ભાવને ચરિતાર્થ કરીએ. (પુનઃ પ્રકાશિત)

જય સચ્ચિદાનંદ

**જયંતિભાઈ કે. લિમ્બાચિયા**

## ગુજરાત વાળંદ સેવા સંઘના નવિન બિલ્ડીંગ માટે મે માસમાં જમા/જાહેર થયેલ દાનની યાદી

| રૂપિયામાં | નામ |
|---|---|
| ૫,૫૧,૦૦૦/- | એક રૂમના દાતા તરીકેની જાહેરાત શ્રી વિષ્ણુભાઈ લિમ્બાચીયા શ્રીમતિ ગીતાબેન વિષ્ણુભાઈ લિમ્બાચીયા વતન - કામલી, હાલ યુ.એસ.એ. |
| ૧,૧૧,૧૧૧/- | શ્રી દીપિકાબેન વસંતભાઈ ધનજીભાઈ શર્મા-ગાંધીનગર, મૂળ-ધણપ, હાલ કોંગો |
| ૮૦,૦૦૦/- | સ્વ. મણીલાલ કેશવલાલ રાજા પરિવાર ગં. સ્વ. મુક્તાબેન તથા મહેશભાઈ એમ. રાજા |
| ૨૫,૦૦૦/- | કાન્તાબેન દિલીપભાઈ રાઠોડ, પાલુવા (પાટણ) હાલ અમદાવાદ |
| ૧૧,૦૦૦/- | શ્રી ગોપાળભાઈ મોતીભાઈ વાળંદ, રઢુ, જિ. ખેડા |
| ૧૦,૦૦૦/- | શ્રી રોહિતભાઈ રામજીભાઈ નાયી |
| ૫,૫૦૦/- | સ્વ. ભાનુબેન નટુભાઈ નાયી પરિવાર ગુંછળી, હાલ અમદાવાદ |
| ૫,૧૫૧/- | શ્રી અભિષેકભાઈ |
| ૫,૧૫૧/- | શ્રી શામળભાઈ સી. નાયી, નવા નરોડા, અમદાવાદ |
| ૫,૧૦૦/- | શ્રી નરેન્દ્રકુમાર વલ્લભરામ લિમ્બાચીયા- મંડાલી, હાલ નોટિંગ હામ યુ.કે. |
| ૫,૧૦૦/- | શ્રીમતી મધુબેન નરેન્દ્રકુમાર લિમ્બાચીયા - મંડાલી, હાલ નોટિંગહામ યુ.કે. |
| ૫,૧૦૦/- | શ્રી રમેશભાઈ જી. લિમ્બાચીયા, અમદાવાદ |
| ૫,૧૦૦/- | શ્રી રતિભાઈ જી. નાયી, અમદાવાદ |
| ૫,૦૦૦/- | શ્રી દિનાનાથભાઈ |

પ્રેષક : મંત્રી/ખજાનચી, ગુ.વા.સેવા સંઘ



## પ્રમુખશ્રીની કલમે

સન્માનનીય જ્ઞાતિજનો,

નમસ્કાર.

ગુજરાત વાળંદ સેવા સંઘ દ્વારા અમદાવાદ ખાતે એલિસબ્રીજ-નવરંગપુરા જેવા અનેક શૈક્ષણિક સંકુલો-યુનિવર્સિટીને અડીને આવેલ વિસ્તારમાં સ્થિત વિદ્યાર્થીગૃહની ઇમારતમાં આશરે સાત દાયકાના સમય દરમ્યાન આપણા જ્ઞાતિના અનેક વિદ્યાર્થીઓએ રહી ભણી-ગણીને પોતાની કારકીર્દિ ઘડી છે જે આપણે સહુ જાણીએ છીએ. આ વિદ્યાર્થીગૃહની ઇમારત કાળક્રમે જર્જરિત થતાં તેને ઉતારી પાડીને તે જ જગ્યા પર નવિન બહુમાળી સામાજિક - શૈક્ષણિક ભવનનું નિર્માણ થઈ રહ્યું છે તેની હું છેલ્લા કેટલાક સમયથી આપને જાણકારી આપતો રહ્યો છું. આ નવિન ભવન હાલ ગ્રાઉન્ડ + ૬ માળનું બનાવવાનું કામ ચાલે છે. હાલની સ્થિતિએ અંદાજિત પંદરેક કરોડ ઉપરાંતની રકમ બાંધકામમાં ખર્ચ થવાની વકી છે. કામ પ્રગતિ હેઠળ છે. હું દર માસે આપને કહેતો આવ્યો છું તે મુજબ આપ સહુએ વ્યાપકપણે રાજ્યના ખૂણે-ખૂણેથી દાનનો પ્રવાહ વહેવડાવી સંસ્થાની ઝોળી છલકાવી દેવાની જરૂરત છે. હજુ ઘણી રકમ એકઠી કરવાની બાકી છે. છેલ્લા એકાદ વર્ષથી જ્ઞાતિજનો તરફથી આ માટે દાન આપવાની શરૂઆત તો થઈ છે, કેટલાક મોટા ગજાના દાતાશ્રીઓનાં પણ દાન આવેલ/જાહેર થયેલ છે, દર માસે મળતા/જાહેર થતા દાન-દાતાશ્રીઓના નામની યાદી વાળંદ વિકાસના અંકમાં નિયમિત રજુ થાય છે. મારી અપીલ પણ દર માસે આવે છે. કોઈપણ જ્ઞાતિજન પોતાના ઘેર બેઠા પણ ઓછામાં ઓછા એક ચો. ફૂટ બાંધકામ પેટે રૂા. ૫,૧૫૧/- પ્રમાણે પોતાની ઇચ્છાશક્તિ મુજબના બાંધકામના ચો. ફૂટ પેટે દાન ગુજરાત વાળંદ સેવા સંઘને ઓનલાઇન પણ આપી શકે છે તથા દાન જમા કરાવ્યા બાદ પોતાનું નામ-સરનામું સંપર્ક નંબર તથા પાન/આધાર નંબરની વિગતો મોકલી આપવા વિનંતી છે જેથી તે પ્રમાણે રસીદ બનાવી જે તે દાતાશ્રીને મોકલી શકાય. દાન ઓનલાઇન જમા કરાવવા માટે સંસ્થાનો ક્યુ. આર. કોડ આ અંકના મુખપૃષ્ઠ પર અંકિત થયેલો છે તથા જમા કરવા માટે બેંક એકાઉન્ટ વિગતમાં બેંકનું નામ અને ખાતા નંબર પણ જણાવ્યો છે. તો આ વ્યવસ્થાનો વધુને વધુ પ્રમાણમાં લાભ લઈ આપણી જ્ઞાતિની આ સંસ્થા આપણી પોતાની જ છે અને તેને સહયોગ કરવાની આપણી નૈતિક ફરજ છે તેમ માની દાનનો પ્રવાહ વધુ વેગવંતો કરવા પુનઃ અપીલ કરું છું.

આ બિલ્ડીંગ પ્રોજેક્ટના બ્રોશરમાં વિગતે જણાવેલ પ્રોજેક્ટની રૂપરેખાનો અભ્યાસ કરી આ ભવનના હોલ, રૂમ કે કોઈપણ એક માળના દાતા બનવાની પહેલ કરવા ગુજરાતભરના સમાજના વિવિધ મંડળો, જથો, સંગઠનો તથા સમાજશ્રેષ્ઠીશ્રીઓ, બિઝનેશમેન, પ્રોફેશનલ્સ તથા ઉદ્યોગપતિ જ્ઞાતિબંધુઓને આગળ આવવા પુનઃ આમંત્રિત કરું છું. આ માટે આપશ્રી ગુજરાત વાળંદ સેવા સંઘના કોઈપણ હોદ્દેદાર કે ટ્રસ્ટીશ્રીને જણાવશો તો અમો આપનો ચોક્કસથી સંપર્ક કરી પૂરી માહિતી સાથે સંતોષકારક બને તેમ પ્રયત્નશીલ રહીશું.

આપના સાનુકૂળ અને સકારાત્મક પ્રતિસાદની અપેક્ષા સહ.

**આપનો**
**વિપુલ વી. દલાલ**
**પ્રમુખ, ગુજરાત વાળંદ સેવા સંઘ**

'વાળંદ વિકાસ'માં પ્રસિદ્ધ થનાર લખાણની જવાબદારી તેના પ્રેષકની રહેશે. ગુજ. વા. સ. સંઘ, તંત્રી કે સંપાદક મંડળ હંમેશા તેની સાથે સહમત છે તેવું માનવું નહિ. – તંત્રી, વા.વિ.

## સંસ્થા સમાચાર

ગુજરાત વાળંદ સેવા સંઘ ચેરિટેબલ ટ્રસ્ટ હોવાની રૂએ સી.એસ.આર. એક્ટિવિટીઝ કરવાના હેતુસર કંપનીઝ એક્ટ ૨૦૧૩ હેઠળ સી.એસ.આર. રજીસ્ટ્રેશન માટેની ભારત સરકાર મીનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ, ઓફિસ ઓફ ધી રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ દ્વારા તા. ૩૦-૪-૨૦૨૪ના પત્રથી એપ્રુવલ મળી છે. રજિ. નં. CSR00072126 છે. આ પ્રમાણપત્રથી આપણા ટ્રસ્ટને રજીસ્ટર્ડ કંપનીઓ તરફથી મોટી રકમનું દાન મેળવવામાં સરળતા રહેશે. આથી આપણા સહુ શુભેચ્છક સમાજશ્રેષ્ઠીશ્રીઓ, બિઝનેશમેન, ઉદ્યોગપતિશ્રી, જ્ઞાતિજનો દરેકને પોતપોતાના સંપર્કો થકી આનો બહોળો પ્રચાર પ્રસાર કરી કંપનીઓ પાસેથી ગુ. વા. સેવા સંઘના નિર્માણ થઈ રહેલા ન્યુ બિલ્ડીંગ પ્રોજેક્ટના કામે દાન મેળવી આપવા માટે પ્રયત્નશીલ થવા નમ્ર અપીલ છે. આ રજિસ્ટ્રેશનને લગતી કામગીરી ખૂબ જહેમત ઉઠાવી સફળતાપૂર્વક કરનાર સંઘના ઓડિટર જેઓ વ્યવસાયે સી.એ. છે. એ **શ્રી મૌલિકભાઈ ભરતભાઈ પારેખ**, અમદાવાદને ધન્યવાદ ઘટે છે. તેમનો ખૂબ ખૂબ આભાર. તથા સતત રસ લઈ ફોલોઅપ એક્શનથી કાર્યરત રહેનાર ટ્રસ્ટી ચેરમેન **શ્રી મુકેશભાઈ પી. નાયી**ને પણ ધન્યવાદ ઘટે છે.

**ભાનુભાઈ એન. વૈદ્ય, મંત્રી, ગુ. વા. સેવા સંઘ**

## પ્રેરણાદાયક કામગીરી

વાળંદ વિકાસ મેગેઝીનના પ્રકાશકની છેલ્લા પંદર વર્ષથી સુપેરે જવાબદારી નિભાવતા અને શ્રી લિંબચ વિદ્યોત્તેજક મંડળ અમદાવાદના માનદ્ મહામંત્રી એવા અડપોદરા નિવાસી **મા. શ્રી બાલુભાઇ બી. પારેખ** (બાલુકાકાએ) શ્રી અડાઠમ જથ નાયી કેળવણી મંડળ, હિંમતનગરને કેળવણી વિષયક કામો માટે ફંડ રૂ. 1,11,111/- અગાઉ જાહેર કરેલ. હાલમાં તેઓશ્રીની તબિયત નાદુરસ્ત હોવા છતાં ચાંદરણી નિવાસી શ્રી બાબુભાઈ નાયી મારફતે ગઈકાલ તા. 24-05-2024ને શુક્રવારના રોજ રૂ. 1,25,000/-નો ચેક મોકલી આપતાં અડાઠમ સમાજે હૃદયપૂર્વક સ્વીકાર કરી ચેક મળ્યાની પાવતી પાઠવીને આ પ્રેરણાદાયક ઉત્કૃષ્ટ અને ઉદાહરણરૂપ પ્રયાસને બિરદાવેલ છે. તેમજ મા લિંબચ તેમની તબિયત તંદુરસ્ત રાખે તેવી મા ના ચરણોમાં પ્રાર્થના કરેલ.

લી. પ્રમુખ/ મંત્રીશ્રી,
શ્રી અડાઠમ જથ નાયી કેળવણી મંડળ,
હિંમતનગર તથા અડાઠમ જથ.

MAJESTY
CONSULTANCY

કેયુર રમેશભાઈ શર્મા
મો. ૯૪૨૯૨૦૭૮૩૮

**મજેસ્ટી કન્સલ્ટન્સી**

(ટેક્ષ કન્સલ્ટન્ટ / ફાઇનાન્સીઅલ એડવાઇઝર)

- ઈન્કમટેક્ષ, જી.એસ.ટી. સલાહકાર
- દરેક ધંધા / વ્યવસાયનું રજીસ્ટ્રેશન
- એકાઉન્ટ લખી આપવામાં આવશે
- હોમલોન / મોર્ગેજ લોન / પર્સનલ લોન

Email : majestyconsultancy@gmail.com

ઓફિસ : દુકાન નં. ૨૦, પહેલો માળ, ઘનશ્યામ કોમ્પલેક્ષ,
ઓવર બ્રીજ પાસે, ચાંદલોડીયા, અમદાવાદ - ૩૮૨૪૮૧

# પ્રાદેશિક સમાચાર

## શ્રી પાટણ વાડા પરગણા બેતાલીસ વિભાગ નાયી સમાજ કેળવણી મંડળ, પાટણ

શ્રી પાટણવાડા પરગણા બેતાલીસ વિભાગ નાયી સમાજ કેળવણી મંડળ, પાટણ દ્વારા તા. ૯/૫/૨૪ને ગુરૂવારના રોજ બેતાલીસ વિભાગના વિદ્યાર્થીઓ માટેનો કારકિર્દી ઘડતર અંગેનો માર્ગદર્શક સેમિનાર યોજવામાં આવ્યો જેમાં બેતાલીસ વિભાગના વિદ્યાર્થી ભાઈબહેનોએ મોટા પ્રમાણમાં હાજરી આપી હતી. કાર્યક્રમમાં માર્ગદર્શક તરીકે એસ. પી. યુનિવર્સિટી વલ્લભવિદ્યાનગરના રસાયણ વિભાગના પ્રોફેસર ડો. પી. જી. સુતરીયા સાહેબ તથા એસ. પી. યુનિ. વિદ્યાનગરના ગુજરાતી વિભાગના હેડ પ્રોફેસર ડો. મહેન્દ્રભાઈ કે. નાયી દ્વારા બાળકોને તેમના જીવન ઘડતરમાં ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. ધો. ૧૦/૧૨ કે કોલેજ પછી કયા ક્ષેત્રમાં આગળ વધી શકાય તે બાબતે ખૂબ જ ઉપયોગી માહિતી પુરી પાડવામાં આવી હતી. બાળકોને પણ આ કાર્યક્રમમાં ખૂબ જ મજા આવી હતી.

આ કાર્યક્રમમાં બાળકોને સ્વરૂચિ ભોજન રમેશભાઈ શંભુભાઈ નાયી વામૈયા તરફથી આપવામાં આવેલ હતું. પ્રકાશભાઈ શંભુભાઈ નાયી વામૈયા તરફથી તમામ વિદ્યાર્થીઓને સ્કુલ બેગ તથા સચિનભાઈ ગોવિંદભાઈ લિંબાચીયા પાટણ તરફથી વિદ્યાર્થીઓને કિટ આપવામાં આવી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા માટે મંડળના પ્રમુખ શ્રી શંકરભાઈ એ. નાયી કોટાવડ, મંત્રી શ્રી રમેશભાઈ એસ. નાયી વામૈયા, ઉપપ્રમુખ શ્રી આત્મારામ જી. નાયી કલ્યાણા, ખજાનચી શ્રી પ્રહલાદભાઈ હેસોર, પાટણ વાડાના પૂર્વપ્રમુખ શ્રી નરોત્તમભાઈ એ. નાયી સુજનીપુર, સલાહકાર શ્રી અમરતભાઈ નાયી વધાસર તથા અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા.

સ્ટેજ સંચાલન હેતલબેન શર્મા કોટાવડ, કવરેજ દિપ સુજનીપુર તથા સમગ્ર કાર્યક્રમની સફળતા માટે મેહુલભાઈ તથા મયુરભાઈ વામૈયા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

કાર્યક્રમની સફળતા અને ફલશ્રુતિ વિદ્યાર્થીઓ દ્વારા આપવામાં આવેલા તેમના પ્રતિભાવો હતા.

આ કાર્યક્રમ ખૂબ જ સફળ રહો હતો. અને અવાર-નવાર આવા કાર્યક્રમો થતાં રહે તેવી ઉપસ્થિત વિદ્યાર્થી ભાઈબહેનોની માંગ પણ હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે માર્ગદર્શક તરીકે પધારેલા માન. પ્રો. ડો. પી. જી. સુતરીયા સાહેબ, ડો. મહેન્દ્રભાઈ કે. નાયી તથા વિદ્યાર્થી ભાઈબહેનો, તેમના વાલીઓ, ભોજન દાતા શ્રી રમેશભાઈ, બેગના દાતા શ્રી પ્રકાશભાઈ, કિટના દાતા શ્રી સચિનભાઈ વગેરે સૌનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. માતાજી સૌને સુખી રાખે અને બેતાલીસ વિભાગ ઉતરોત્તર પ્રગતિ કરતો રહે તેવી પ્રાર્થના.

**પ્રમુખ શ્રી શંકરભાઈ એ.નાયી**
**મંત્રી શ્રી, રમેશભાઈ એસ.નાયી**
**બેતાલીસ વિભાગ નાયી સમાજ કેળવણી મંડળ પાટણ**

## શ્રી બારેશી લિમ્બચીયા સેવા સમાજ, ભિલોડા ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

શ્રી બારેશી લિમ્બચીયા સેવા સમાજ, ભિલોડા દ્વારા સમાજવાડી ખાતે સફેદ આરસ પથ્થરમાંથી બનાવેલ ભવ્ય મંદિરમાં 'મા લિમ્બચ'નો ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો.

તા. ૯-૯-૨૦૨૩ના રોજ 'મા લિમ્બચ'ના ભવ્ય મંદિર બનાવવા માટે 'શીલાપૂજન'નો ભવ્ય શોભાયાત્રા સાથે પુજન અર્ચન કર્યા બાદ મંદિરનું કાર્ય અંબાજી નિવાસી શિલ્પી શ્રી નિલેશભાઈ રાવલ તથા અંબાજી લિમ્બચીયા ધર્મશાળાના ટ્રસ્ટી અને મોતીમારબલના માલીક શ્રી પ્રકાશભાઈ એ. ભાટી સાહેબના માર્ગદર્શન હેઠળ કામકાજ શરૂ કરવામાં આવ્યું અને ખૂબ જ ઝડપથી મંદિરનું નિર્માણકાર્ય પૂર્ણ કર્યા બાદ તા. ૩-૫-૨૦૨૪થી ૫-૫-૨૦૨૪ દરમ્યાન પ્રાણપ્રતિષ્ઠાનો મહોત્સવ યોજાયો.

સૌ પ્રથમ તા. ૨-૫-૨૦૨૪ના રોજ આપણા આરાધ્ય કુળદેવીના સૌથી પુરાતન મંદિર પાટણથી

'જ્યોત' લેવા માટે ભરતભઆઈ ડી. લિમ્બચીયા (મઉ) તથા ભરતભાઈ ડી. નાયી (વણઝર), મીતેશભાઈ (ઘોલવાણી), મણીભાઈ (ઘંબોલીયા) જયેશભાઈ તથા શૈલેષભાઈ (જનાલી) ગયેલ ત્યાંથી સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધીપૂજન કરાવી માતાજીની જ્યોત લઈ પરત આવતા સમાજના સર્વે ભાઈઓબહેનો, વડીલોએ જ્યોતનું ઉમળકાભેર સ્વાગત કરી જ્યોત વધાવી.

તા. ૩-૫-૨૦૨૪ને શુક્રવારના રોજ સમાજના પ્રમુખશ્રી પ્રભુદાસ સી. નાયી દ્વારા દિપપ્રાગટ્ય કરી, મુખ્ય યજમાન શ્રીમતી સંતોકબેન બાબુલાલ નાયી (પાલ્લા) તથા અન્ય ૩૨ યજમાનો દ્વારા નવકુંડી મહાયજ્ઞની શરૂઆત કરવામાં આવી.

બીજા દિવસે મા લિમ્બચ તથા સાથે હનુમાનદાદા, ભૈરવદાદા તથા ગણપતીદાદાની મૂર્તિઓની ડી. જે.ની તાલે વાજતેગાજતે ભવ્ય 'જળકળશ શોભાયાત્રા' સમાજવાડીથી નિકળી ધોલવાણી ત્રણ રસ્તા થઈ પરત ખૂબ જ હર્ષોલ્લાસ સાથે આવ્યા, ત્યારબાદ મહાસ્નાન, સ્તપન વિધી વગેરે પૂજન કર્યા બાદ ધાન્યાનિવાસ કરાવવામાં આવ્યું. રાત્રે આપણા સમાજના પ્રખ્યાત કલાકાર સિંગર શ્રી શશીભાઈ પારેખના રાસગરબાનો ભવ્ય કાર્યક્રમ યોજાયો જેમાં સમાજના નાનામોટા સર્વેએ ભાગ લીધો.

ત્રીજા દિવસે - પ્રાતઃ પૂજન કાર્યક્રમ પછી મૂર્તિઓના દાતાઓના હસ્તે અભિજીત મુહૂર્તમાં શાસ્ત્રી શ્રી કિર્તીભાઈ દવેના મંત્રોચ્ચાર સાથે આદેશ મુજબ મૂર્તિઓનું સ્થાપન કરવામાં આવ્યું.

શાસ્ત્રીશ્રી કિર્તીભાઈ દવે દ્વારા મંદિર માટેની વિવિધ ઉછામણીઓ પણ બોલાવવામાં આવી. જે નીચે મુજબ છે.

(૧) શિખરનો ચઢાવો : રૂા. ૫,૦૦,૦૦૦/- પાંચ લાખ રૂપિયા પુરા શ્રી સ્વ. કાંતીભાઈ ભીખાભાઈ નાયી, ગામ ધોલવાણી હસ્તે તેમના સુપુત્રો શ્રી મીતેશભાઈ, શ્રી વિષ્ણુભાઈ, શ્રી શૈલેષભાઈ, શ્રી ભરતભાઈ

(૨) ધજાદંડનો ચઢાવો : રૂા. ૧,૦૦,૦૦૦/ રૂા. એક લાખ પુરા શ્રી જતીનભાઈ વિનોદભાઈ નાયી ગામ રાજેન્દ્રનગર, હાલ વડોદરા

## અગત્યની જાહેરાત

**શ્રી લિમ્બચ વિદ્યોત્તેજક મંડળ અમદાવાદના ઉપક્રમે દર વર્ષની જેમ ચાલુ વર્ષે ૨૦૨૪માં અમદાવાદમાં ધો. ૧૦ અને ૧૨માં ૭૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ તથા તમામ પ્રકારના ડિગ્રી, ડીપ્લોમા, વ્યવસાયીક છેલ્લી પરીક્ષાઓ જેવી કે નર્સિંગ, કોમ્પ્યૂટર, પી.ટી.સી., બી.એડ., એમ.એડ. વગેરે ગ્રેજ્યુએટની તમામ ફેકલ્ટીમાં પ્રથમવર્ગ મેળવનાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીએ અસલ ઉપરથી ઝેરોક્ષ માર્કશીટની કોપી, પોસ્ટલ એડ્રેસ અને મોબાઇલ/ફોન નંબર લખી નીચેના સરનામે તા. ૩૧-૮-૨૪ સુધી રૂબરૂ અથવા ટપાલ દ્વારા મળે તે રીતે મોકલવી. આવેલી માર્કશીટના આધારે પ્રથમ, દ્વિતીય અને તૃતિયને શિલ્ડ તથા બાકીના દરેક વિદ્યાર્થીને પ્રોત્સાહન ઈનામ તથા સન્માનપત્ર આપવામાં આવશે.**

**મોકલવાનું સરનામું**

**માનદ મંત્રી શ્રી લિંબચ વિદ્યોત્તેજક મંડળ**
**શ્રી બાલુભાઈ બી. પારેખ**
**૬૫, જલકમલ સોસાયટી,**
**આયોજ ન નગર પાસે, વાસણા,**
**અમદાવાદ-૩૮૦૦૦૭**
**મો. ૯૪૨૮૫૦૩૨૯૧**

પ્રેષક : ભાનુભાઈ વૈદ્ય, પ્રમુખશ્રી
લિંબચ વિદ્યોત્તેજક મંડળ, અમદાવાદ
મો. ૭૪૦૫૭૨૮૯૫૫

(૩) પ્રથમ દરવાજો ખોલવાનો (પ્રથમ દર્શન) રૂા. ૧,૦૦,૦૦૦/- એક લાખ પુરા શ્રી રમણભાઈ શંકરભાઈ નાયી, ગામ રાજેન્દ્રનગર, હાલ વડોદરા હસ્તે મહેશભાઈ તથા નરેશભાઈ

(૪) પ્રથમ આરતી : રૂા. ૧,૬૧,૦૦૦/- એક લાખ એકસઠહજાર પુરા રામભરોસે : હસ્તે ડાહ્યાભાઈ (ટોરડા), મયુરભાઈ (રામનગર) તથા દિપકભાઈ (નાંદોજ)

(૫) પ્રથમ ભોજનથાળ : રૂા. ૫૧,૦૦૦/- એકાવનહજાર પુરા ગં. સ્વ. મંગુબેન ધર્માભાઈ નાયી (વણઝર) હાલ વડોદરાના હસ્તે સુપુત્રો શ્રી ધીરજભાઈ, શ્રી ભરતભાઈ, શ્રી રમેશભાઈ, શ્રી શૈલેષભાઈ

(૬) પ્રથમ ઘંટનાદ : રૂા. ૫૨,૦૦૦/- અંકે રૂા. બાવન હજાર પુરા આચાર્ય શ્રી સુરેશભાઈ રામાભાઈ નાયી, દાવલી

(૭) પ્રથમ શ્રીફળ ચઢાવવું : રૂા. ૩૧,૦૦૦/- એકત્રીસ હજાર પુરા. શ્રી ચંદુભાઈ શંકરભાઈ નાયી, ગામ ટોરડા

ઉપરોક્ત ઉછામણી થકી કાર્યક્રમ ખૂબ જ જીવંત બન્યો, સાથે સાથે આમંત્રીત મહેમાનો પણ ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં અંબાજી લિમ્બચીયા ધર્મશાળાના ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ એ. ભાટીસાહેબ તથા આપણા સમાજના સંત શિરોમણી ખોડીયાર મંદિરના મહંત શ્રી માઈબાળ જશુભાઈ તથા ભુતાવાડ વાળીનાથ મહાદેવ મંદિરના મહંત શ્રી બ્રહ્મ અનિધ્ય ચૈતન્ય, ઉપસ્થિત રહી સર્વેને આશીર્વચન આપી ધન્ય કર્યા. તેમજ ગુજરાતની બે મોટી સંસ્થાઓના હોદ્દેદારો (૧) શ્રી નરોત્તમભાઈ એચ. નાયી ખજાનચી : ગુજરાત વાળંદ સેવા સંઘ (૨) શ્રી બાલુભાઈ બી. પારેખ પ્રકાશક વાળંદ વિકાસ મેગેઝીન (૩) શ્રી કમલેશભાઈ આર. શર્મા, ટ્રસ્ટી ગુજરાત પ્રાંતીક નાયી સભા (૪) શ્રી જસવંતભાઈ જી. શર્મા, મહામંત્રી ગુજરાત પ્રાંતીક નાયી સભા (૫) શ્રી પ્રવિણભાઈ જી. નાયી (સાલડીવાળા) પ્રમુખશ્રી નાની છાસઠ નાયી સમાજ, (૬) ઈડર સત્તાવિસ લિમ્બચીયા સમાજના પ્રમુખ શ્રી કનુભાઈ વી. લિમ્બાચીયા, મહામંત્રી શ્રી અશોકભાઈ ડી. લિમ્બાચીયા તથા પ્રકાશભાઈ એમ. વૈદ્ય તથા (૭) ભિલોડા ભાટીયા સમાજના પ્રમુખ શ્રી પ્રકાશભાઈ ભાટીયા (૮) મોડાસીયા જુથના પ્રમુખ શ્રી અમૃતભાઈ ડી. નાયી તથા ભિલોડા ગામ પંચાયતના પૂર્વ સરપંચ શ્રી ભીખુભાઈ ભાટીયા. સતત ત્રણે દિવસ ઉપસ્થિત રહી શ્રી ભીખુભાઈ તરફથી સર્વે યજમાનો તથા આમંત્રીત મહેમાનોને સાફા (પાઘડીઓ) પહેરાવી કાર્યક્રમને ચાર ચાંદ લગાવી દીધા. આ સિવાય સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના દરેક જુથોના પ્રમુખ, મંત્રી તથા આગેવાન કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ત્રણેય દિવસના ભોજનપ્રસાદના દાતાઓ પ્રથમ દિવસે ગં. સ્વ. ડાહીબેન વિઠ્ઠલદાસ નાયી ગામ જનાલીના સુપુત્રો દ્વારા તથા બીજા દિવસે શ્રીમતી સુધાબેન ડાહ્યાભાઈ નાયી ગામ ટોરડા તરફથી તથા રાત્રી ભોજન શ્રીમતી સંતોકબેન બાબુભાઈ નાયી પાલ્લા તરફથી તથા ત્રીજા દિવસે મહાપ્રસાદ સ્વ. કુબેરભાઈ બેચરભાઈ નાયી તથા સ્વ. ધર્માભાઈ બેચરભાઈ નાયી ગામ વણઝરના સુપુત્રો દ્વારા આપવામાં આવ્યો. ત્રણે દિવસ ચાના દાતા શ્રી કચરાભાઈ ડાહ્યાભાઈ નાયી વાંકાનેર તથા એક દિવસ છાસના દાતા દિવ્યેશ મહેન્દ્રભાઈ નાયી પહાડા તથા બાકીના બે દિવસ છારાના દાતા શ્રીમતી હંસાબેન મહેશભાઈ નાયી બોલુન્દ્રા તરફથી તથા ત્રણે દિવસ પાણીના દાતા ગં. સ્વ. ગીતાબેન કિશોરભાઈ નાયી મોહનપુર તરફથી આપવામાં આવ્યો. માતાજીને છપ્પનભોગ તથા ડ્રાયફ્રુટ હાર શ્રીમતી વિણાબેન દિપકભાઈ નાયી નાંદોજ તરફથી ભેટ કરવામાં આવ્યો.

આમંત્રીત તથા ઉપસ્થિત મહેમાનોએ યથાયોગ્ય મંદિર માટે ફાળો લખાવેલ છે તથા મંદિર માટે એક સુંદર તિજોરી કબાટ શ્રી બકુલભાઈ એસ. શર્માએ તેમના માતૃશ્રીના નામે તાત્કાલીક લાવી આપેલ છે તથા પાયલબેન ડૉ. સુજીતકુમાર શર્મા ખેરોલ તરફથી મંદિર તથા વાડી પરીસરને CCTV દ્વારા સુરક્ષીત કરવાનું જણાવેલ છે. સર્વે દાતાઓ શુભેચ્છકોનો ખૂબ ખૂબ આભાર.

સમગ્ર કાર્યક્રમ સમાજના આજીવનપ્રમુખ શ્રી બી. ટી. નાયીસાહેબ તથા પ્રમુખશ્રી પ્રભુદાસ સી.

નાયી, ઉપપ્રમુખ ભરતભાઈ ડી. લિમ્બચીયા (ભઉ) તથા ચંદુભાઈ ડી. નાયી (બુઢેલી) તથા મહામંત્રી જગદીશભાઈ નાયી તથા ખજાનચી ગોવિંદભાઈ નાયી (જનાલી) તથા સહમંત્રી શ્રી મીતેશભાઈ (ઘોલવાણી) તથા રસીકભાઈ (ધંબોલીયા) હસમુખભાઈ (પહાડા) તથા કુમુદભાઈ (ભુતાવાડ) તથા સર્વે કારોબારી સભ્યોએ ખૂબ જ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો.

આખા કાર્યક્રમનું સફળ સંચાલન ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ ડી. લિમ્બાચીયાએ કર્યું. કોઈના નામનો ઉલ્લેખ કરવાનો રહી ગયો હોય તો દરગુજર કરશો.

**અહેવાલ : ભરતભાઈ દેવાભાઈ લિમ્બાચીયા**
**ઉપપ્રમુખ શ્રી બારેશી લિમ્બાચીયા સેવા સમાજ**

# ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી ગુજરાતમાં કૃષિ અને પશુ પાલન અંગેના ચાલતા અભ્યાસક્રમો

## કૃષિ અને પશુ પાલન ક્ષેત્રનું મહત્વ :

આપણું જીવન ટકાવી રાખવા હવા, પાણી અને ખોરાકએ મુખ્ય જરૂરીયાતો છે. હવા અને પાણી કુદરતે આપણનેમફતમાં આપ્યા છે. તેના માટે આપણે કોઈ મહેનત કરવી પડતી નથી. પણ ખોરાક માટે આપણે જમીન અને પાણીનો ઉપયોગ કરીને તેમજ મહેનત કરીને અનાજ ઉત્પાદન કરવું પડે છે. આ માટે આપણે ખેતી અને પશુ પાલન કરવું પડે.

આ માટે કૃષિ અને પશુ પાલન માં ખડૂતોને અદ્યતન ટેકનોલોજી આપવા માટે, નવા નવા સંશોધનો અને એ નવું સંશોધન ખેડૂતો સુધી પહોચાડવા માટે શિક્ષણની ખુબજ જરૂરીયાત છે.

## ધોરણ ૧૦ પછી ગુજરાતમાં કૃષિ અને પશુ પાલન અંગેના ચાલતા અભ્યાસક્રમો :

ગુજરાતમાં ખેતી અને પશુ પાલનના શિક્ષણ માટે ચાર કૃષિ યુનિવર્સીટીઓ, આણંદ કૃષિ યુનિવર્સીટી, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, નવસારી કૃષિ યુનિવર્સીટી તથા સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સીટી અને એક પશુપાલન માટે ની કામધેનું યુનિવર્સીટી ગાંધીનગરમાં આવેલી છે.

કૃષિ અને પશુ પાલન માં ધોરણ ૧૦ પછી ત્રણ વર્ષના અંગ્રેજી મધ્યમના કોર્ષ ચાલે છે. તેમાં પોલીટેકનીક ઇન એગ્રીકલ્ચર, પોલીટેકનીક ઇન હોર્ટીકલ્ચર, પોલીટેકનીક ઇન એગ્રી.એન્જીનીયરીંગ, પોલીટેકનીક ઇન એગ્રો પ્રોસેસિંગ એન્ડ ફૂડ ટેકનોલોજી, પોલીટેકનીક ઇન ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનીટી સાયન્સ, પોલીટેકનીક ઇન એનીમલ હસ્બન્ડરી, પોલીટેકનીક ઇન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમિકસ એમ કુલ સાત કોર્સ ચાલે છે. ત્રણ વર્ષની કુલ ફી ખુબજ નજીવી છે. બહેનો માટે શિક્ષણ ફી અને હોસ્ટેલ ફી લેવામાં આવતી નથી. ભોજન બીલ દર મહીને જે આવે તે ભરવાનું થાય, એસ.ટી, એસ.સી ઓ.બી.સી વિદ્યાર્થીઓને સરકારના નીતિ નિયમ મુજબ પ્રવેશ તથા શિષ્યવૃત્તિ મળતી હોય છે. આવી પોલીટેકનીક ઇન એગ્રીકલ્ચર આણંદ, વસો, ધારી, સિસદર, હળવદ, અમરેલી, ડીસા, ખેડબ્રમા અમીરગઢ (ફક્ત બહેનો માટે), ભરૂચ, વ્યારા અને વઘઈ એમ કુલ બાર (૧૨) કોલેજો છે. પોલીટેકનીક ઇન હોર્ટીકલ્ચર કોલેજ વડોદરા, જુનાગઢ, જગદુણ, પરિયા, નવસારી એમ કુલ પાંચ (૫) છે. પોલીટેકનીક ઇન એગ્રી.એન્જીનીયરીંગ દાહોદ, ડેડીયાપાડા અને તરઘડીયા-રાજકોટ એમ કુલ ત્રણ (૩) છે. પોલીટેકનીક ઇન એગ્રો પ્રોસેસિંગ જુનાગઢ, પોલીટેકનીક ઇન ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનીટી સાયન્સ દાંતીવાડા, પોલીટેકનીક ઇન ફૂડ સાયન્સ એન્ડ ન્યુટ્રીશન આણંદ ખાતે છે. પોલીટેકનીક ઇન એનીમલ હસ્બન્ડરી કોલેજો નવા રાજપુર-હિંમતનગર, જુનાગઢ, નવસારી, દાંતીવાડા, ખડસલી-અમરેલી, હિંમતનગર, જસદણ રાજકોટ, વિજાપુર- મહેસાણા, છાપી-સાબરકાંઠા, વોટાવાછોડા-પંચમહાલ, જુનાગઢ અને સુરત એમ કુલ બાર (૧૨) પોલીટેકનીકો છે. પોલીટેકનીક ઇન એગ્રીકલ્ચર, હોર્ટીકલ્ચર એગ્રી.એન્જીનીયરીંગમાં ડીપ્લોમાં ટુ ડીગ્રી (DtoD) થઇ શકે છે.

## ધોરણ: ૧૨ વિજ્ઞાનપ્રવાહ પછી ગુજરાતમાં કૃષિ અને પશુપાલન અંગેના ચાલતા અભ્યાસક્રમો :

ધોરણઃ ૧૨ વિજ્ઞાનપ્રવાહ પછી નીચે પ્રમાણે ના કોર્સ કૃષિ અને પશુપાલન માટે ઉપલબ્ધ છે.

1 B.Sc.(Agri.), at Anand, Vaso, Jabugam, Junagadh, Mota Bhandariya-Amreli, Khapat-Porbander, Morbi (at present Junagadh) Dantiwada, Tharad, Bhuj-Bhachau, Navsari, Vaghai, Bharuch,, Total 13 Colleges.

2 B.Sc. (Horti.), at Anana, Junagadh, Jagudan, Navsari, Total 4 Colleges

3 B.Sc.(Forestry) at Navsari Total 1 College

4 B. Tech (Bio Technology) at Surat and Dantiwada Total 2 Colleges

5 B. Tech (Agri Engg.) at Godhra, Junagadh, Dediapada and Khedbhramma Total 4 Colleges

6 B. Tech (Food Technology) at Anand and Dantiwada Total 2 Colleges

7 B. Tech (Renewable Energy & Environmental Science) at Dantiwada Total 1 College

8 B. Sc (Food Nutrition & Dietetics) at Dantiwada Total 1 College

9 B.Sc. (Community Science) at Dantiwada,

10 B. Tech (AIT) at Anand Total 1 College

11 B.V.Sc.& AH. at Anand, Junagadh, Nasvsari, Dantiwada, Nava Rajpura-Hinmatnagar Total 5 Colleges

12 B. Tech (Dairy Technology) at Amreli, Anand, Dantiwada, Mehasana, Total 4 College

13 B.Sc. (Fishery) Navsari, Veraval, Nava Rajpura- Hinmatnagar Total 3 College

ઉપરોક્ત ડીગ્રી કોર્ષ પૈકી B.Sc.(Agri.), B.Sc. (Horti.), B.Sc.(Forestry) B. Tech (Bio Technology), B.V.Sc. & AH અને B.Sc.(Forestry) માટે બી અથવા એબી ગ્રુપ જોઈએ. જયારે બાકીના કોર્ષ માટે એ અથવા બી અથવા એબી ગ્રુપ હોવું જોઈએ. આ માટે દરેક ઉમેદવારે યુનિવરસિટીની વેબસાઈટો aau.in,nau.in, jau.in,sdau.in, kamdhenuuni.edu.in અને gsauca.in ઉપર જાહેરાત જોઈ લેવી. વધુમાં ડીગ્રી કોર્ષ પૈકી B.Sc. (Agri.), B.Sc. (Horti.), B.Sc. (Forestry), B.Tech (Bio Technology) માટે જે તે ઉમેદવાર ખેડૂત પુત્ર / પુત્રી / ભાઈ / બહેન / પૌત્ર / પૌત્રી ને ૭/૧૨ ના ઉતારા રજુ કર્યેથી મેરીટમાં વધારાના પાંચ ટકા ઉમેરવામાં આવે છે. આ લાભ ગુજરાતમાં ખેતી લાયક જમીન ધરાવતા હોય તેને જ મળવા પાત્ર છે. ગુજકેટની ચાલુ વર્ષે પરીક્ષા ફરજીયાત આપેલી હોવી જોઈશે. ધોરણ ૧૨ ના થિયરીના PCB/ PCMB ના ૬૦% અને ગુજકેટના ૪૦% પ્રમાણે મેરીટ બનતું હોય છે. બહેનો માટે શિક્ષણ ફી અને હોસ્ટેલ ફી લેવામાં આવતી નથી. એટલે એક સેમેસ્ટરની બહેનો માટે ફી રૂ.૮૭૦૦ અને ભાઈઓ માટે ફી રૂ.૧૩૭૦૦ ભરવાની હોય છે. વધુ માહિતી માટે ધોરણઃ ૧૦ અને ધોરણઃ ૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી કૃષિ અને પશુપાલન અંગેના ચાલતા અભ્યાસક્રમો અંગે ની માહિતી ઉપર આપેલી વેબસાઈટો જોઈને ધ્યાનપૂર્વક વાંચી જવી, તેમ છતાંય સમજણ ના પડે તો તેમાં આપેલા નંબર ઉપર અથવા મને પણ ફોન કરીને માર્ગદર્શન મેળવી શકો છો. પ્રવેશ માટે ઓન લાઈન ફોર્મ ભરવું ફરજીયાત છે. કૃષિ માટે www.gsauca.in અને પશુપાલન માટેની https://www.kamdhenuuniversity.net વેબસાઈટ છે.

**સંકલન કર્તા : ડૉ. અશોકભાઈ સી. વૈદ્ય,**
**નિવૃત વરીષ્ટ વૈજ્ઞાનીક અને વડા,**
**કેવીકે, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ**
**મો. નંબર : ૯૭૨૬૮ ૬૬૫૦૧**

## વિશિષ્ટ સિદ્ધિ, પ્રમાણપત્ર અને મેડલ



### ચિ. ધીર હિરેન નરોત્તમભાઈ લિંબાચીયા

ચિ. ધીર હિરેન લિંબાચીયા - વતન પીંઢારપુરા, હાલ આર્મી પબ્લિક સ્કૂલ, ભુજ-કચ્છ ખાતે ધો. ૭માં અભ્યાસ કરે છે. જેણે ૨૦૨૩ના વર્ષમાં લેવાયેલ ઇન્ટરનેશનલ ઓલમ્પાઇડ સાયંસ ૨૦૨૩-૨૪ની પરીક્ષામાં ધો. ૬માં પ્રથમ રેંક, જ્યારે સ્ટેટ લેવલ ૯૪ રેંડ તથા ઝોનલ રૈંક ૫૩૪ અને ઇન્ટરનેશનલ ઓલમ્પાઇડ રેંક ૪૭૦૫ મેળવી ગોલ્ડ મેડલ અને સ્પેશયલ એચીવમેન્ટ સર્ટીફિકેટ મેળવેલ છે. ચિ. ધીરની આ સફળતાને બિરદાવવામાં આવે છે તથા આગળ જતાં વધારે સિદ્ધિ હાંસલ કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

ચિ. ધીર હિરેન લિંબાચીયા - ગુજરાત વાળંદ સેવા સંઘના ટ્રસ્ટી-ખજાનચી શ્રી નરોત્તમભાઈ એચ. નાયીના પૌત્ર છે. શ્રી હિરેનભાઈ ચીફ પેટી ઓફિસર તરીકે ઇન્ડિયન નેવીમાંથી નિવૃત્ત થયેલ છે. તથા હાલ રાજ્ય સરકારમાં ભુજ ખાતે મદદનીશ જિલ્લા સૈનિક વેલફેર ઓફિસર તરીકે ફરજ બજાવે છે.

ચિ. ધીરને ખૂબ ખૂબ અભિનંદન.

**પ્રેષક : શ્રી નરોત્તમભાઈ એચ. નાઈ**
**ટ્રસ્ટી-ખજાનચી**
**ગુ. વા. સેવા સંઘ, અમદાવાદ**

## સેવા એટલે ધર્મ

વહાલા આપ્તજનો

આજે મારે તમને સમાજસેવાની પ્રેરણાત્મક બે વાતો કહેવી છે.

સેવાનો ધર્મની દષ્ટિએ. આધ્યાત્મિકતાની દષ્ટિએ ઉપયોગ કરી શકાય. સેવાનો ઉપયોગ મેવા ખાવાની દષ્ટિએ ન થવો જોઈએ પણ, સેવા કરનારા મોટાભાગના સેવકોની નજર મેવા તરફ ફંટાઈ જાય છે. પરિણામે ગાંધીની ખાદી લજવાય છે. સેવાના અનેક પ્રકારો છે. મનુષ્યમાત્ર સેવા લેતો હોય છે અને દેતો હોય છે. સમાજ સેવાના ભેખધારીઓ બધા સતવાદીના દીકરા નથી હોતા. મલાઈ-મેવા ક્યાં મળે છે તે તરફ ગુપ્ત નજર રાખી બાહ્ય દેખાવો સમાજસેવાનો કરતા હોય છે. એવો દેખાવો કરનારા સમાજસેવકોનો ભાંડો ફૂટે છે ત્યારે તે ક્યાંયના રહેતા નથી. આજના કળિયુગમાં સારી અને સાચી સમાજસેવા કરવા સેવાભાવી વ્યક્તિઓ વિવિધ કાર્ય કરી રહ્યા છે. આવી વ્યક્તિ સમાજસેવાને પોતાનો ધર્મ સમજે છે અને સમાજસેવા કરી સમાજ પ્રત્યેનું પોતાનું ઋણ અદા કરે છે. સાચા સમાજસેવકની પારદર્શકતા તેની સત્યતાનો પુરાવો બને છે. સેવાની વાતો કરવી જેટલી આસાન છે એટલો એનો અમલ આસાન નથી. નિઃસ્વાર્થ સેવામાં સહન કરવાનું વધારે આવે છે. સેવાનો ધર્મ તો યોગીજનોને પણ આત્મસાત્ કરવો મુશ્કેલ બને તેવો ગહન છે.

'સેનબંધુ સમાચાર'ના તંત્રીલેખમાં તંત્રીશ્રી રાજેશ વાજાએ લખ્યું હતું કે 'ગરીબ પરિવારની દીકરીઓ માટે આશીર્વાદરૂપ સમૂહલગ્નને સફળ બનાવવા માટે લાખો રૂપિયાનું દાન વિવિધ સમૂહલગ્ન સમિતિઓને મળી રહ્યું છે. એ સમિતિઓએ સમાજ સમક્ષ તેનાં હિસાબો મૂકી પારદર્શકતા સાબિત કરવી જોઈએ.' તંત્રીશ્રીને આવું કેમ લખવું પડ્યું ? એનો અર્થ એ થયો કે સમાજના ભેખધારીઓના વહીવટમાં પાછલે બારણે કંઈક રંધાઈ રહ્યું હોવું જોઈએ !! ઠીક, સેવાને સત્ય સાથે જોડવી જોઈએ.

જૈન ધર્મના અગ્રણી સંત શિરોમણી આચાર્ય વિજય રાજરત્નસૂરિએ પોતાના એક લેખમાં -

ધર્મલોકમાં જણાવ્યું છે કે 'હાલમાં અમે જ્યાં ચાતુર્માસ કરી રહ્યા છીએ તે મુંબઈ ટોચના સંઘ તરીકે વિખ્યાત ગોવાલીયા ટેન્ક જૈન સંઘમાં અમે સેવાની એટલી અઢળક પ્રવૃત્તિ થતી નજરોનજર નિહાળી છે !!' દિલથી ઘણી ખમ્માં કહ્યા સિવાય રહેવાતું નથી. અસહ્ય મોંઘવારીની ઘંટીમાં પીસાતા મધ્યમ વર્ગીય પરિવારોને સહાયક થવા આ જૈનસંઘ યાને જૈન મંડળ દર મહિને નિયત કરેલી તારીખે ૬૦૦ જૈન પરિવારોને નિમંત્રે છે એમને ભોજન કરાવે છે અને એક જ દિવસમાં લગભગ ત્રણ લાખ રૂપિયાની જીવનોપયોગી સામગ્રીનું વિતરણ કરે છે. દર મહિને કરાતી આ સેવાપ્રવૃત્તિથી દર વર્ષે ૩૬ લાખ કરતાં વધુ ખર્ચ કરે છે. જૈનોના સમૃદ્ધ પરિવારો પર્યુષણ પર્વ પ્રસંગે આ ફંડ છલકાવી દે છે. આ પ્રવૃત્તિ તેમની એક વર્ષ પૂરતી નથી ! વર્ષોવર્ષ નિયમિત જારી રહેલ સેવા પ્રવૃત્તિ અન્ય સમાજ માટે પ્રેરક બની છે.

જૈનોની શૈક્ષણિક સેવા પ્રવૃત્તિ પણ પ્રેરણાત્મક છે. જૈનસમાજ સેવાના ભેખધારીઓ જૈન મધ્યમ વર્ગીય પરિવારોને સહાયક થવા સ્કૂલ ફી ચૂકવવાનું અભિયાન ચલાવે છે. માત્ર આ માટે જ પ્રતિવર્ષ રૂા. ૨૪ લાખનો ખર્ચ વિવિધ દાતાઓના સહયોગથી જૈન મંડળ કરે છે. સેવાના ભેખધારીઓ આ પ્રવૃત્તિને મંદ થવા દેતા નથી. ખર્ચ મર્યાદા પૂર્ણ થઈ જાય અને તે પછી આવા કિસ્સા આવે તોય તેઓ પાછા જવા દેતા નથી. કંઈકને કંઈક વ્યવસ્થા કરી જ નાંખે છે.

જૈન સમાજની તબીબી ક્ષેત્રની સેવા પ્રવૃત્તિઓ પણ પ્રેરક છે. જે ત્રણ વિભાગમાં વહેંચાયેલ છે. 'ડાયાલીસીસ' માટે પાંચ લાખનું એક મશીન એવા ૪૧ મશીન આ જૈન મંડળે જુદા જુદા રાજ્યોની હોસ્પિટલોને સેવા માટે ભેટ આપ્યાં છે એ શરતે કે જૈન જૈનેતર કોઈ પણ વ્યક્તિને ફક્ત પાંચસો રૂપિયાના રાહત દરે ડાયાલીસીસ કરી આપવું. તેમનો બીજો વિભાગ દવાવિતરણ જુદા જુદા રોગોમાં ઉપયોગી બને તેવી રૂા. ૩૦ લાખની દવાઓ જરૂરિયાતમંદોને આપવાનું કાર્ય કરે છે. મંડળે મેડીકલ હેલ્થ સેન્ટરો ઊભા કરેલા છે. પાંચ કરોડના ખર્ચે ઊભા કરેલા હેલ્થ સેન્ટરોમાં કેટલાંય નામાંકિત જૈન ડોક્ટરો માનદ્સેવા આપે છે. કેમ્પ યોજાય ત્યારે જૈન-જૈનેતરને તદ્દન મફત સારવાર અપાય છે.

આપણા સમાજના સેવાના ભેખધારી ડૉ. કારેલીયાના સંપર્કમાં હું આવ્યો નથી, પરંતુ એમનાં વિશે ઘણું વાંચ્યું છે ને જાણ્યું છે. આવા કેટલાય સાચા રત્નો--સેવાના ભેખધારીઓ આજે પણ આપણાં સમાજમાં છે એ સૌના નેજા હેઠળ વાળંદ સમાજ એક સૂત્રતાથી બંધાય અને જૈનસમાજની માફક આપણો સમાજ પણ અન્ય સમાજ માટે પ્રેરક બને એવી સાંપ્રત સમયની માંગ અસ્થાને નથી. આપણા સમાજનો ભૌતિક વિકાસ થયો છે અને થાય છે પરંતુ તેમાં જે કાંઈ ઉણપ દેખાય તેને સૂલઝાવવા સમાજના સાચા ભેખધારીઓ બહાર આવે, સમાજને સાચી દિશામાં દોરે. મલાઈ-મેવાની મોજ માણનારા અને એ માટે લાળ ટપકાવનારા કહેવાતા સમાજસેવકોને સાચી દિશામાં વાળવાનું ભગીરથ કામ કરવા સમય અને સત્ય કોઈની રાહ જોશે નહીં એ સૌએ યાદ રાખવું પડશે.

**- નટુભાઈ વાળંદ, મો. ૮૯૮૦૪૬૭૩૭૫**
**સુણેવખૂર્દ તા. હાંસોટ, જિ. ભરૂચ**

## વીંછી

આરબ લોકોમાં એક રમત ચાલે છે. વીંછી દેખે એટલે એની ફરતું એક કુંડાળું દોરે. જરાક જ મોટું હોય, પણ વીંછી એની બહાર ન જાય. અંદર કુંડાળામાં આમતેમ દોડે. એટલે કુંડાળામાં બીજું નાનું કુંડાળું દોરે. પછી એની અંદર ફેરફુદરડી ફરે. એટલે અંદર એથીય નાનું કુંડાળું કરે. એમ કરતાં કરતાં છેવટે વીંછીને ફરવાની જગ્યા જ ન રહે. તોયે એ બહાર તો ન જ નીકળે અને આખરે પોતે જ પોતાને ડંખે !

આપણું પણ આવું જ નથી ?

આપણેય આપણા અહંકારનાં કૂંડાળાં નથી દોરતા? - રાષ્ટ્રવાદનાં, કોમવાદનાં, ભાષાવાદનાં સિદ્ધાંતવાદનાં ને પક્ષવાદનાં ? એમ સાંકડાં ને સાંકડાં થતા જઈએ છીએ ને અંતે જાતને જ જાતે ડંખીએ છીએ. ક્યાંક જરીક ચસકવા જેટલી જગ્યા ન રહે ત્યારે પાછા સંતોષ માનીએ છીએ કે આપણી જ નિષ્ઠા ખરી છે ને આપણી જ ભક્તિ ચુસ્ત છે ! માનવજાત આજે પોતે જ પોતાને ડંખવાની હાલતમાંથી ગુજરી રહી છે.

અહંકારનું કુંડાળું જ કરવું હોય તો બ્રહ્માંડ જેવું ખરેખર ન કરી શકીએ; તોયે પૃથ્વીના છેડાને અડે એવડું તો કરીએ !

('ધરતી' સામાયિકમાંથી સાભાર)

## જન આરોગ્ય
## સદાય સર્વાધિક ઉપયોગી ઉત્તમ ફળ
## લીંબુ

આપણા સૌના રોજીંદા શાકભાજીરૂપે સૌથી વધુ વ્યાપકપણે સર્વત્ર વપરાતું સૌથી સસ્તું છતાં ગુણ અને ઉપયોગમાં પણ સૌથી વધુ ગુણકારી ફળ છે - લીંબુ Lemon.

લીંબુ એક શાકભાજીનું ફળ માત્ર નથી. તે સમગ્ર જાતમાં સૌથી વધુ વપરાતું ફળ અને ઔષધિ બંને છે. મોટા ભાગના લોકો તેનો શાકભાજી, ફરસાણમાં તેનો સ્વાદ વધારવા તથા તેનું ખટમીઠું શરબત બનાવી પીવામાં વાપરે છે.

આજે લીંબુના અનેક અજાણ્યા ગુણો વિષે ખાસ વાચકોને જાણ કરવી છે. સૌ પ્રથમ આપણે તેના વિવિધ ગુણધર્મો જોઈએ.

### લીંબુના ખાસ ગુણધર્મો

લીંબુ પીળા તથા પાકા રસ ભરપુર અને તાજા હોય, તેના આ ગુણો છે. લીંબુ રસમાં ખાટા, તીક્ષ્ણ, વાયુદોષ કરનાર જઠરાગ્નિ વર્ધક, ખોરાક પાચનકર્તા તથા હળવું અને રૂચિકર છે. (લીંબુ ખાટા અને મીઠા રસના બે જાતના થાય છે. અહીં ખાટા લીંબુ વિષે માર્ગદર્શન છે.) લીંબુ પેટના કૃમિ તથા વ્રણ-જખમનાં જંતુ નાશક, ઉદરશૂળ (પેટની પીડા), રૂચિ અને સ્ફૂર્તિવર્ધક, પાચનની ખામીઓ-અજીર્ણ, મંદપાચન, પેટ ભારે રહેવું, ખાસ પેટના તમામ દર્દો મટાડનાર સર્વોપયોગ સદા પ્રાપ્ત ફળ છે. આયુર્વેદમાં તેને ગ્રહ ભૂતની પીડા દૂર કરનાર તથા દુઃખ-દર્દ અને અરુચિનાશક કહેલ છે. ખાસ તે વાયુ, પિત્ત, કફ તથા ઉદરશૂળના દર્દી માટે પરમ હિતકારી છે. ખાસ ત્રિદોષ, પાચન ખામી, ક્ષય (ટી.બી.) તથા વાયુદોષ જાય અને ઝેરના દોષથી પીડિત દર્દી, કૉલેરા અને ઝાડાની કબજિયાત જેવા દર્દોમાં પણ તે રામબાણ જેવું લાભપ્રદ છે.

લીંબુ ખોરાક પચાવવામાં સર્વોત્તમ, ભૂખ વધવું, પેટ અને પાચનની ખામીના બધા દર્દોમાં તથા ઊલટી, પિત્ત, મંદાગ્નિ, પેટનો વાયુ - પેટનું ભારેપણું, ગળા (કંઠ) ના રોગ, ઉધરસ, કફ તથા અરુચિ વગેરે સરળતાથી મટાડી દે છે.

તેના અસંખ્ય ઉપયોગો છે. જેની એક આખી બુક લખાય. અહીં તેના ખાસ સર્વોપયોગી અનેક ઉત્તમ રોગહર પ્રયોગો રજૂ કર્યા છે. વાચકો તેનો લાભ ઉઠાવી, જસ્ટ સ્વસ્થ-નિરોગી થઈ શકશે.

ખાસ ગુણો : લીંબુ શરીરમાં થતી અમ્લતા (એસિડીટી) દૂર કરે છે. તેમાં રહેલ વિટામીન 'સી' શરીરની રોગપ્રતિકારક શક્તિ (ઇમ્યુનિટી) વધારે છે. તે હૃદયને સ્વસ્થ કરે છે.

(૧) ગરમ-મસાલેદાર ખોરાક રોજ કે વધુ ખાવાથી શરીરમાં 'યુરીક એસિડ' (મૂત્ર અમ્લ) બને છે. ને ગાઉટ રોગ થાય છે. તે મટાડવા રોજ સવારે નરણાં કોઠે ગરમ પાણીમાં લીંબુનો રસ ૧॥ ચમચી અને આદુનો રસ અર્ધી ચમચી તથા ખાવાનો સોડા ૨ ચપટી ઉમેરી સવાર-સાંજ પીવાથી લાભ થશે. લીંબુ પેશાબ માર્ગે યુરીક એસિડનો નિકાલ કરે છે.

(૨) તે ઝાડાની કબજીયાત, પેશાબની બળતરા, રક્તનો બગાડ, મંદાગ્નિ તથા ચામડી (સ્કીન)ના દર્દોમાં પણ અક્સીર દવા છે.

(૩) લીંબુનો રસ રોજ સવારે દાંત-પેઢાં પર આંગળીથી ઘસવાથી દાંત સ્વચ્છ, સ્વસ્થ અને મજબૂત બને છે. મોંની દુર્ગંધને પાયોરીયા મટે છે.

(૪) ઉપવાસમાં ઉપયોગી : આહાર માત્ર બંધ કરીને માત્ર પ્રવાહી ઉપર ઉપવાસ કરવા હોય ત્યારે લીંબુ અને મધનું પ્રવાહી શરબત બનાવી આખો દિવસ તે જરૂર મુજબ લેવાથી ધાર્યા દિવસ સુધી ઉપવાસ સહજતાથી થઈ શકે છે. જેથી અનેક રોગો વગર દવાએ મટે છે.

(૫) ફ્લુ-કફ-શરદીમાં : એક ગ્લાસ ગરમ (ઉકાળેલા) પાણીમાં ૧ લીંબુનો રસ તથા ૧ ચમચી આદુનો કે તુલસીના પાનનો રસ તથા ૨ ચમચી મધ

ઉમેરી, રોજ સવારસાંજ પીવું. પણ ખોરાકમાં ગળ્યો, ખાટો, ઠંડો, ભારે, મેદો-માવાની ચીજો બંધ કરવી. હળવો ખોરાક લેવો. ઓછું ખાવું. અજમાનો મુખવાસ લેવો કે લવિંગનું પાણી પીવું.

(૬) અરુચિ-મંદાગ્નિ-ભૂખ ન લાગવી : અપચો : (૧) ગરમ કરી ઠારેલા પાણીમાં લીંબુ - આદુનો રસ તથા જીરું પાવડર તથા કાળા મરીનો પાવડર થોડો ઉમેરી દિવસમાં ૨-૩ વાર પીવાથી અચૂક લાભ થશે.

(૭) લીંબુ યકૃત (લીવર)ની શુદ્ધિ કે તેના રોગમાં ખાસ લાભપ્રદ છે. ટાઇફોઇડના રોગ-જંતુનો તે નાશ કરે છે. તે સમગ્ર શરીરની શુદ્ધિ કરી, આંખોનું તેજ વધારે છે. શરીર સ્વસ્થ, મન પ્રસન્ન કરે છે.

નોંધ : શરીરમાં આહારનો કાચો રસ - આમદોષ વધી જતાં આમવાત કે રૂમેટીઝમ થાય ત્યારે, તેમજ દમ, ઉધરસ, શ્વાસખાંસીમાં જ્યારે કફ દોષ કારણરૂપ હોય ત્યારે કફનો તાવ, મસ્તક શૂળ, અંગ પીડા તથા હાઈ બી.પી.ના સમયે લીંબુનો પ્રયોગ ન કરવો. લીંબુ માફક આવે તો જ તે લેવું.

લીંબનના રોજિંદા નિયમિત સેવન માત્રથી શરીર સ્વસ્થ અને સુંદર બને છે. તે ખાસ કરી ત્વચા (skin)ના અનેક દર્દોમાં ઘરેલુ ઉમદા ઔષધ છે. જેમ કે

(૮) ધાધર (દાદ) : લીંબુના ૩ ચમચી તાજા રસમાં ૧ ગ્રામ નવસારની ભૂકી મિલાવીને સવાર-સાંજ દર્દ પર ઘસવી. અથવા લીંબુના રસમાં મૂળાના બીજની ભૂકી મિલાવીને પેસ્ટ કરી ખાજ, ખુજલી તથા ધાધર પર લગાવવાથી લાભ થાય. જો ત્વચા (ચામડી) વધુ પડતી ભીની કે સૂકી થઈ ગઈ હોય તો કોપરેલ તેલમાં લીંબુનો રસ મિલાવીને દિવસમાં ૩-૪ વાર માલીસ કરવાથી લાભ થશે. સૂકી ધાધર ઉપર પાકા કેળાના ગર્ભમાં લીંબુ રસ મેળવી પેસ્ટ બનાવીને તે દિવસમાં બે વાર ત્વચા પર લગાવવાથી દર્દ મટે છે. વધુ જીદ્દી ધાધર ઉપર લીંબુના રસમાં ફૂલાવેલ ટંકણખાર અથવા બૉરીક પાવડર થોડો મિક્સ કરી નિયમિત ધાધર પર લગાવવાથી લાભ થશે.

(૯) ત્વચામાં ખુજલી તથા શ્યામ રંગ : મુલતાની માટી બે ચમચી એક વાટકીમાં લઈ, તેમાં ૧ ગ્રામ કાળા મરીની ભૂકી તથા જરૂર પૂરતો લીંબુનો રસ ઉમેરી, કાલવીને પાતળી પેસ્ટ બનાવી, દર્દની જગ્યાએ રોજ લગાવવાથી ખુજલીની પીડા મટી, ત્વચા સુંદર, તેજસ્વી, ગોરી બનશે.

(૧૦) ૫-૧૦ વર્ષ જૂની હઠીલી ધાધર : ખાખરા (કેસૂડા)ના બીજ લાવી તેનું ચૂર્ણ (પાવડર) બનાવી, તેમાં લીંબુનો રસ તથા થોડો ટંકણખાર (બોરીક પાવડર) મેળવી, રોજ તે ઘાઘર પર લાંબો સમય લગાવવાથી રોગ મટશે.

(૧૧) પેટમાં કૃમિ (કરમિયા) : વાવડીંગ અને લીંબુના બીજનું ચૂર્ણ બનાવી, તેમાં લીંબુનો રસ મિલાવી, શરબત બનાવી રોજ પાવું.

(૧૨) અજીર્ણ (અપચો) - મંદાગ્નિ : જીરુ, વરિયાળી, કાળામરી તથા સંચળ સરખે ભાગે લઈ ચૂર્ણ બનાવી. નરશેકા પાણીમાં મિલાવી તેમાં થોડો લીંબુનો રસ મિલાવી પીવાથી અરુચિ, મંદાગ્નિ, ભૂખ ન લાગવી, ખોરાકનો અપચો, ગેસ-વાયુ વગેરે મટે છે. ગેસ-વાયુ, ઓડકાર મટે છે. દેહ સ્વસ્થ બને છે.

**લેખક : વૈદ્ય બળદેવપ્રસાદ પનારા, અમદાવાદ**
**મો. ૯૪૨૭૦ ૦૧૪૬૦**

## ધર્મમાં ભ્રમ

શ્રી સુક્તનો પાઠ કરી ધનવાન બનવાના સપના જોવાવાળા, હનુમાન ચાલીસા વાંચી કોર્ટમાં કેસ જીતી જવાની આશા રાખવાવાળા, ભૈરવનો દીવો સળગાવી બીમારી દૂર થઈ જાય એવી આકાંક્ષા રાખવાવાળા, કોઈ બાબાજીના આશીર્વાદ મેળવી નોકરીમાં પ્રમોશન થવાની ઇચ્છા રાખવાવાળા લોકોની સંખ્યા વધતી જાય છે. આજકાલ પુજા-પાઠ કરવામાં ઉદ્દેશ્ય છે કે સાંસારિક ચીજો આપણને વગર પુરુષાર્થે પ્રાપ્ત થઈ જાય. જો હનુમાન ચાલીસાનો પાઠ વાંચી બેસી રહેવાથી જ પાસ થઈ જવાય તો પછી સ્કુલ, કોલેજ વગેરેની જરૂરત જ ક્યાં રહે ? કહેવાનું તાત્પર્ય કે પુરુષાર્થ કર્યા વગર માત્ર બેસી રહેવાથી સફળ થવાની આશા રાખવી યોગ્ય છે?

સોમવતી અમાસના દિવસે ગંગાના એક-એક ઘાટ પર લાખો માણસો સ્નાન કરે છે. રામલીલા થતી રહે છે એમાં હજારો માણસો આવે છે. અધ્યાત્મમાં શોર્ટકટ નથી આપણે ભગવાનને કોઈ ઓફિસનો લાલચી કર્મચારી સમજીએ છીએ. આપણે સમય, શ્રદ્ધા-

ભક્તિ-વિચાર, ભાવના ધન બધું જ આપણી પાસે રાખીએ છીએ અને ભગવાનને માટે શ્રીફળ, અગરબત્તી, ફૂલો આપીએ છીએ.

હીરા અને સોનાના દાગીના પ્રસાદમાં નથી વહેંચાતા, પંચામૃત, તુલસીના પાન જ પ્રસાદમાં મળે છે. અધ્યાત્મમાં વાવો અને લણોનો સિદ્ધાંત છે. ધર્મનો અર્થ છે, કર્તવ્ય પરાયણતા પોતાના પ્રતિ, પરિવારના પ્રતિ, સમાજના પ્રતિ, રાષ્ટ્રના પ્રતિ પોતાના દાયિત્વોને નિભાવવો જ ધર્મ છે. જે વ્યક્તિ બીજાની મુશ્કેલીઓને સમજે છે અને એને દૂર કરવાનો પ્રયત્ન કરે છે એના પર ભગવાન ખુશ રહે છે.

**પ્રેષક : મિત્તલબેન જીગરભાઈ પારેખ, ઉમરેઠ**

# નંદ રાજવંશનો ગૌરવશાળી ઈતિહાસ

**(ક્રમશઃ)**

## શાસન પ્રબંન્ધ (પદ્ધતિ)

નંદરાજ મહાપદ્મનંદ એક કુશળ યોદ્ધા, મહાન વિજેતા જ નહિ પરંતુ એક યોગ્ય રાજા પણ હતા જેમણે આવડા મોટા સામ્રાજ્યની શાસન વ્યવસ્થાને શાંતિપૂર્વક ૩૯ વર્ષો સુધી ગર્વથી ચલાવી. ચંદ્રગુપ્તની શાસન વ્યવસ્થા નંદરાજ દ્વારા વિકસિત શાસન વ્યવસ્થા હતી. નંદરાજના શાસન તંત્રનો ઉદ્દેશ લોકહિત હતું જ્યાં એક બાજુ આર્થિક વિકાસ તથા રાજ્યની સમૃદ્ધિ માટે અનેક નક્કર પગલા લેવામાં આવ્યા, શિલ્પીઓ (કારીગરો વિ.) તથા વેપારીઓના જાનમાલની સુરક્ષા કરવામાં આવી ત્યાં બીજી બાજુ લોકોને તેમની અયોગ્ય તથા શોષણકારી પ્રક્રિયાઓથી બચાવવા માટે કઠોર નિયમ પણ બનાવવામાં આવ્યા હતા. મૃત સૈનિકોના અનાથ પરિવાર તથા રાજ્ય કર્મચારીઓના ભરણ પોષણનો ભાર રાજ્ય ઉપર હતો. નંદરાજા એ પોતાની શાસન વ્યવસ્થામાં સત્તાનું કેન્દ્રીકરણ, યોગ્ય ન્યાય વ્યવસ્થા, નગર શાસન, ખેતી, હસ્તકલા, શિલ્પ ઉદ્યોગ વાણિજ્ય તથા વેપાર માટે ઘણા અસરકારક પગલા લીધા હતા. આ પણ જાણવા મળે છે કે વધારાની આવક પુરી કરવાના ઉદ્દેસથી ખેતીનું ઉત્પાદન વધારવા માટે સરકારે પોતે તે જમીનમાં ખેતી કરાવી જ્યાં પહેલા ખેતી થતી નહતી. તેમણે સિંચાઈના સાધનોમાં સમૃદ્ધિ કરી તથા પરિવહનના સાધનોનો વિકાસ કરીને વેપારમાં પ્રગતિ કરી. સરકારે સિક્કાઓનું પ્રચલન વધારીને વેપારીને પ્રોત્સાહન આપ્યું સાથે જ ઉદ્યોગો તથા વેપાર પર સરકારનું સંપૂર્ણ નિયંત્રણ હતું આમ આ હકીકતો ક્યારેય ભૂલી શકાય તેમ નથી.

નંદ સામ્રાજ્ય દુર દુર સુધી ફેલાયેલ હતું. નંદવંશના સંસ્થાપકનો ઉદ્દેશ્ય (ધ્યેય) એકાત્મક (એક ક્ષેત્ર) રાજ્ય સ્થાપિત કરવાનો હતો. ક્ષત્રપો (રાજ્યો) ઉપર મહાન વિજય મેળવીને વિશાળ સામ્રાજ્યની સ્થાપના કરીને એક ક્ષત્ર  જેવા પદોનો પ્રયોગનો બીજો કોઈ અર્થ થતો નથી. એરિયને બિયાસ નદીને પાર સામાકાંઠે આંતરિક શાસનની ઉત્તમ વ્યવસ્થાનો ઉલ્લેખ કર્યો છે, જેમાં અભિજાત (કુલિન તંત્ર) પ્રચલિત હતું તથા આ અભિજાત વર્ગ પોતાના અધિકારોનો ઉપયોગ ન્યાયસંગત તથા સંયમિત પદ્ધતિથી કરતા હતા. નંદ રાજાએ પોતાના સામ્રાજ્યના દુરના પ્રદેશોને ગંગાના ડેલ્ટા તથા અવધના આગળના લોકોને મગધક્ષેત્રમાં પુરતો શાસન અધિકાર આપ્યો હતો. (સામાકાંઠે મતલબ ભારતમાં)

પરંતુ ગૃહપ્રદેશ કે જેમાં મગધ (દક્ષિણી બિહાર) બૃજિજ (ઉત્તર બિહાર) કાશી (વારાણસી) કોશલ (અવધ) વિગેરે જનપદ સામેલ હતા, વહીવટ વ્યવસ્થા લગભગ એવી હતી કે જેવી રીતે દિલ્હીના સુલ્તાનોની દિલ્હી સુબામાં હતી તથા દાઆબ (એકમતથી સુબાઓ) ની પ્રદેશોમાં હતી. મગધની રાજધાની પાટલીપુત્ર જ નહી પરંતુ ઉત્તર બિહારના બૃજિજ દેશની રાજધાની વૈશાલીમાં પણ રાજાની હાજરીનું પ્રમાણ મળે છે. અયોધ્યામાં એક સૈનિક છાવણીનો પણ પ્રસંગ મળે છે. ઇ.સ. પૂર્વ ચોથી સદીના યુનાની (ગ્રીક) પર્વવેક્ષકો (નિરીક્ષકો)ની નોંધથી જાહેર થાય છે નંદરાજના શાસનકાળમનાં નોમાર્ક (જીલ્લાધીશ) તથા હાઇપાર્ક (ક્ષત્રપ) જેવા અધિકારી પણ હતા.

(ક્રમશઃ)

**પ્રેષક : રમેશભાઈ બી. ચાવડા, ધ્રાંગધ્રા**
**મો. ૯૪૨૭૩ ૭૩૫૮૧**

## BIO-DATA



**PERSONAL DETAILS**

| | |
|---|---|
| Name | : **Disha K. Parekh** |
| Address | : 11, Shanti Nagar Society, New Harni-Varsiya Ring Road, Near Pragati Nagar, Vadodara 390018 |
| Date of Birth | : 13-04-1999 |
| Birth Time | : 10.05 a.m. |
| Place of Birth | : Vadodara |
| Height | : 5' 1" Weight : 68 kg. |
| Caste | : Hindu (Valand) |
| Hobbies | : Dancing, Travelling, Cooking |
| Email ID | : dishaparekh324@gmail.com |
| Native | : Bandhani |
| Qualification | : 12th Pass + Bio Medical + 2 Year Diploma in Nursing |
| Occupation | : SSG Hospital in Bio Medical |

**FAMILY BACKGROUND**

| | |
|---|---|
| Father | : Kamleshkumar D. Parekh |
| Occupation | : Panchakarma Technician (Ayurveda Hospital) |
| Mother | : Varshaben K. Parekh |
| Contact Details | : +91 98254 81415 |
| Occupation | : Government Employee (SSG Hospital) |
| Brother | : Karan K. Parekh |
| Education | : BE in E & C ME in Pursuing (UK) |
| Occupation | : Sr. Technical Marketing Executive |
| Mosal | : Petlad |

Note : Preference for Foreign.

## BIO-DATA



**PERSONAL DETAILS**

| | |
|---|---|
| NAME | : **Parthiv Pankajkumar Parekh** |
| BIRTHDATE | : December 4, 1996 |
| HEIGHT | : 5'8" |
| BIRTH TIME | : 20:58 |
| WEIGHT | : 64 Kg |
| COMPLEXION | : Wheatish |
| QUALIFICATION | : B.E (Electrical Engineering) From AIT College, Ahmedabad. |
| OCCUPATION | : Engineer at Stallion Laboratories Pvt. LTD, Ahmedabad. |
| HOBBIES | : Playing Cricket & Listening to Music |

**FAMILY DETAILS**

| | |
|---|---|
| FATHER | : Pankajkumar Bachubhai Parekh |
| OCCUPATION | : Private Job |
| NATIVE | : Ahmedabad |
| MOTHER | : Komalben Pankajkumar Parekh |
| OCCUPATION | : Government Job at Ahmedabad Municipal Corporation |
| NATIVE | : Sojitra, Anand |
| BROTHER | : Aum Pankajkumar Parekh (Studying Computer Eng.) |
| ADDRESS | : A-705, Pushp Residency Behind SRP Qtrs, Nava Naroda, Ahmedabad-382330 |

MOBILE NUMBER : +91 9687323925

Maternal Grandfather : Mukundbhai Manilal Parekh

# તેજસ્વી તારલા


## ધોરણ ૧૦ - એસ.એસ.સી.



**જાનકીબેન દશરથભાઈ નાયી**
૫૫૩/૬૦૦ = ૯૨.૧૭%
જામપુર (વઢિયાર સમાજ)
હાલ ઓઢવ, અમદાવાદ



**મેઘના ભરતભાઈ લિમ્બાચીયા**
૫૨૮/૬૦૦ = ૮૮%
ભાલગામ કાંકરેજ
બનાસકાંઠા



**હીર ભદ્રેશભાઈ શર્મા**
૫૨૭/૬૦૦ = ૮૭.૩૩%
(સી.બી.એસ.ઈ. બોર્ડ)
ઘુમા, અમદાવાદ



**પાર્શ્વ રાકેશકુમાર લિમ્બાચીયા**
૫૧૭/૬૦૦ = ૮૬.૧૭%
જામળા (નાની છાસઠ)
હાલ સુરત



**ક્રીશ રમેશભાઈ વાળંદ**
૫૧૦/૬૦૦ = ૮૫%
વતન : વડગાસ (ચુંવાળ સમાજ)
હાલ વસ્ત્રાલ, અમદાવાદ



**કુશ સચિનકુમાર લિમ્બાચીયા**
૫૦૫/૬૦૦ = ૮૪.૧૭%
વતન : સૂંઢિયા, તા. વડનગર
હાલ વડોદરા

## ધોરણ ૧૨ - સામાન્ય પ્રવાહ



**હર્ષ અમિતકુમાર પારેખ**
૬૨૩/૭૦૦ = ૮૯%
વતન : નાના ઊભડા (ચુંવાળ સમાજ)
હાલ અમદાવાદ



**કેદાર કનુભાઈ લિમ્બાચીયા**
૬૫૮/૭૫૦ = ૮૭.૭૩%
વતન : દીયોદર
જિ. બનાસકાંઠા



**સાક્ષી અલ્પેશભાઈ વૈદ્ય**
૬૩૫/૭૫૦ = ૮૪.૬૭%
છત્રીસ મૈયડ જુથ
હાલ અમદાવાદ



**રુદ્ર પ્રકાશભાઈ વાળંદ**
૫૭૯/૭૦૦ = ૮૨.૭૧%
વતન : વડગાસ
(વિરમગામ)



**તિલક દીલીપભાઈ પારેખ**
૫૭૫/૭૦૦ = ૮૨.૧૪%
૨૭ કોઠા જથ
હાલ જીવરાજપાર્ક, અમદાવાદ

## ધોરણ ૧૨ - વિજ્ઞાનપ્રવાહ



**હર્ષકુમાર અમૃતભાઈ નાયી**
૫૫૨/૬૫૦ = ૮૪.૯૨%
ગોઠડા, સતલાસણ



**સંકેતકુમાર મુકેશકુમાર લિમ્બાચીયા**
૫૯૪/૭૦૦ = ૮૪.૮૫%
પલાસર હાલ સુરત



**હર્ષ સંજયભાઈ ભાટિયા**
સાયન્સ વિષયોમાં ૮૬%
લૂના, તા. વાલિયા
હાલ અંકલેશ્વર



**સાઈકુમાર ભાગ્યેશકુમાર લિમ્બાચીયા**
રૂદાતલ, હાલ સોલા, અમદાવાદ
સાયન્સ વિષયોમાં ૭૮%

## જ્ઞાતિ ગૌરવ



### અભિષેક સંજયભાઈ પારેખ

ગુજરાત વાળંદ સેવા સંઘના ઉપપ્રમુખ અને ટ્રસ્ટીશ્રી તથા ધામતવાણ, તા. દસક્રોઈના સરપંચ શ્રી સંજયભાઈ સી. પારેખના દીકરા ભાઈશ્રી અભિષેકે યુ.એસ.એ. ખાતેની નોર્થ ઈસ્ટર્ન યુનિવર્સિટીમાંથી માસ્ટર ઓફ ફાર્મસીનો અભ્યાસ પૂર્ણ કરી જ્વલંત સફળતા મેળવી છે અને પરિવાર તથા સમાજનું નામ રોશન કરેલ છે. ગુજરાત વાળંદ સેવા સંઘ ભાઈશ્રી અભિષેક તથા તેમના પરિવારને અભિનંદન પાઠવે છે.



### ડૉ. રુચિ સચિન પારેખ

શ્રી પાટણવાડા બાવીસી વિભાગના પૂર્વ પ્રમુખ શ્રી હરેશભાઈ (જુગલ) ડેરી મહેસાણાની દીકરી ડૉ. રુચિ સચિન પારેખને CIMS Hospital, Ahmedabadમાં ડૉક્ટર તરીકે ઓફિશીઅલ નિમણુંક થવા બદલ ગુજરાત વાળંદ સેવા સંઘ અભિનંદન પાઠવે છે.

## સમાજ ગૌરવ

તેર સમાજ બાલીસણાના વતની અને પાટણ સ્થાયી તેમજ ગુજરાતની જાણીતી સંસ્થા શ્રી લીંબાચીયા ધર્મશાળા ટ્રસ્ટ, અંબાજી ના પ્રમુખ શ્રી માધવલાલ હરીલાલ લીંબાચીયા ના પૌત્ર ચિ. રૂદ્ર આશિષકુમારએ ચાલુ સાલે વડોદરા એમ. એસ.યુનિવર્શિટી દ્વારા ભારતીય શાસ્ત્રીય સંગીતની માસ્ટર ડીગ્રીની પરીક્ષામાં A, ગ્રેડમાં 87 % ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ છે અને સમાજ તથા પરિવારનું ગૌરવ વધાર્યુ છે..ખૂબ ખૂબ અભિનંદન...

ચિ. રૂદ્રની તા, ૨૨/૦૨/૨૦૨૪ ના રોજ કર્ણાટક રાજયના જાણીતા પ્રાકૃતિક પર્યટક સ્થળ શિવમોગા મુકામે આવેલ કેન્દ્રીય નવોદિત વિદ્યાલયમાં સંગીત શિક્ષક તરીકે નિયુક્ત થયેલ છે. તે સમાજ અને પરિવાર માટે ગૌરવની વાત છે..ખૂબ ખૂબ ધન્યવાદ..ચિ. રૂદ્ર ઉતરોત્તર પ્રગતિ કરે એજ હાર્દિક શુભેચ્છાઓ સહ આશીર્વાદ ..

**પ્રેષક : સોમાભાઈ ઉનાવા.**

## શ્રી દોતોર લિંબચ સમાજ-ખેરાલુનું જ્ઞાતિ ગૌરવ

વતન : ગોરીસણા, હાલ વિસનગર સ્થાયી પાલનપુરના શ્રીમતિ મનિષાબેન મનોજકુમાર નાયી ઉપશિક્ષિકા મેવાડા પ્રાથમિક શાળા તા. ધાનેરા, જિ. બનાસકાંઠાને વર્ષ ૨૦૨૩-૨૪ના દ્વિતિય સત્ર દરમિયાન સમગ્ર ક્લસ્ટરમાં ઉત્તમ શૈ. કાર્ય, શાળાકીય સહ અભ્યાસિક પ્રવૃત્તિ, નાવીન્યપૂર્ણ પ્રયોગો, સામાજિક ક્ષેત્રે ઉત્સાહપૂર્વક યોગદાન આપેલ છે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સચિવ તરફથી પ્રમાણપત્ર મળેલ છે. મનિષાબેન મહિયલના માતા-પિતા પરિવાર, ગોરીસણા સાસરી પરિવાર અને સમગ્ર દોતોર સમાજનું ગૌરવ વધારવા બદલ અંતઃકરણથી અભિનંદન. ઉજ્જવળ ભવિષ્ય પ્રગતિમય માટે હાર્દિક શુભેચ્છાઓ.

**સંકલન : શ્રી શંકરભાઈ ત્રિ. પારેખ**
**મહિયલ, હાલ પાલનપુર**
**સંપર્ક : ૯૪૨૮૧૯૬૭૯૫**

## શ્રદ્ધાંજલિ



### સ્વ. ધર્મિષ્ઠાબેન રતિલાલ વૈદ્ય

**મૂળ વતન લાડોલ, હાલ યુ.એસ.એ.**

સોસ્તર સમાજના અગ્રણી શિક્ષિત ને સંનિષ્ઠ દાતા શ્રી રતિલાલ કે. વૈદ્યનાં ધર્મપત્ની સ્વ. ધર્મિષ્ઠાબેનનું યુ.એસ.એ. ખાતે તા. ૧૯-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે. જેમનું પિયર હીરપુરા, તા. વિજાપુર થાય. શ્રી રતિભાઈ કે. વૈદ્ય લિમ્બચ સમાજ ઓફ અમેરિકાના ટ્રસ્ટી હતા તથા સોસ્તર સમાજના શિક્ષણપ્રેમી દાતા અને કેળવણીના પ્રોત્સાહક રહ્યા છે. સ્વ. ધર્મિષ્ઠાબેનના નિધનથી ગુ. વા. સેવા સંઘ દુઃખની લાગણી અનુભવે છે તથા શ્રી રતિભાઈ કે. વૈદ્ય તથા પરિવારને દિલસોજી પાઠવે છે અને સ્વર્ગસ્થના આત્માને શાશ્વત શાંતિ મળે તેવી શ્રદ્ધાંજલિ પાઠવે છે.

**- ગુજરાત વાળંદ સેવા સંઘ**

# અવસાન નોંધ

* **માંડલ,** હાલ અમદાવાદ : **કાન્તાબેન ધીરજલાલ પાલૈયા**નું તા. ૨૧-૫-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ખોરજ,** તા. સાણંદ : **વિનયભાઈ શકરાભાઈ વાળંદ**નું તા. ૩૦-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **પીલુદરા,** હાલ સુરત : **નટવરભાઈ મોહનલાલ નાયી**નું તા. ૧૨-૫-૨૪ ના રોજ અવસાન થયેલ છે.
* **છઠીયારડા,** હાલ વડોદરા : **કેતનભાઈ ગિરીશભાઈ લિમ્બાચીયા**નું તા. ૧૪-૫-૨૪ ના રોજ અવસાન થયેલ છે.
* **ઊંઝા : દશરથભાઈ ઈશ્વરભાઈ નાયી**નું તા. ૧૭-૫-૨૪ ના રોજ અવસાન થયેલ છે.
* **સોમડા,** હાલ પાટણ : **પુરુષોત્તમભાઈ વિરચંદદાસ પારેખ**નું તા. ૨૦-૫-૨૪ ના રોજ અવસાન થયેલ છે.
* **કંથરાવી,** હાલ અમદાવાદ : **નર્મદાબેન પરસોત્તમદાસ પારેખ**નું તા. ૨૨-૫-૨૪ ના રોજ અવસાન થયેલ છે.
* **પેથાપુર,** હાલ ચાંદખેડા : **સચિનકુમાર ગુણવંતલાલ પારેખ**નું તા. ૨૮-૪-૨૪ ના રોજ અવસાન થયેલ છે.
* **કડા,** હાલ નરોડા : **ખોડાભાઈ નથુભાઈ નાયી**નું તા. ૩૦-૪-૨૪ ના રોજ અવસાન થયેલ છે.
* **કંથરાવી,** હાલ વડોદરા : **પોપટલાલ હરગોવિંદદાસ લિમ્બાચીયા**નું તા. ૧-૫-૨૪ ના રોજ અવસાન થયેલ છે.
* **પળી,** હાલ મહેસાણા : **મણીબેન છનાલાલ નાયી**નું તા. ૧-૫-૨૪ ના રોજ અવસાન થયેલ છે.
* **મોટી દેઉ** હાલ વડોદરા : **સુરેશભાઈ જીવરામભાઈ લિમ્બાચીયા**નું તા. ૩-૫-૨૪ ના રોજ અવસાન થયેલ છે.
* **ચાણસ્મા,** હાલ પાટણ : **ગંગારામભાઈ ત્રિભોવનદાસ લિમ્બાચીયા**નું તા. ૧૪-૫-૨૪ ના રોજ અવસાન થયેલ છે.
* **પોર,** જિ. ગાંધીનગર : **શારદાબેન રામાભાઈ પારેખ**નું તા. ૧૧-૫-૨૪ ના રોજ અવસાન થયેલ છે.
* **ધ્રાંગધ્રા : મધુકાન્તાબેન ત્રિભોવનભાઈ દસાડીયા**નું તા. ૧૮-૫-૨૪ ના રોજ અવસાન થયેલ છે.
* **ધ્રાંગધ્રા : શાંતિલાલ બાબુલાલ મશિયાવા**નું તા. ૧૮-૫-૨૪ ના રોજ અવસાન થયેલ છે.
* **ખરણા,** હાલ મુંબઈ : **કાન્તાબેન કાન્તિલાલ લિમ્બાચીયા**નું તા. ૨૩-૫-૨૪ ના રોજ અવસાન થયેલ છે.
* **લુદરા : નાવાબેન રણછોડભાઈ નાયી**નું તાજેતરમાં અવસાન થયેલ છે.
* **રોઇટા,** હાલ ભાભર : **કેશાભાઈ કમાભાઈ નાયી**નું તાજેતરમાં અવસાન થયેલ છે.
* **નાની કડી : મંગુબેન કાળુભાઈ વાળંદ**નું તા. ૨૪-૫-૨૪ ના રોજ અવસાન થયેલ છે.
* **સિદ્ધપુર : કાશીબેન શંકરલાલ નાયી**નું તા. ૨૪-૫-૨૪ ના રોજ અવસાન થયેલ છે.
* **દેણપ,** હાલ સુરત : **પશીબેન મણીલાલ લિમ્બાચીયા**નું તા. ૨૪-૫-૨૪ ના રોજ અવસાન થયેલ છે.
* **હીરપુરા,** તા. વિજાપુર : **રાજેન્દ્રકુમાર ગોવિંદભાઈ પારેખ**નું તા. ૩૦-૪-૨૪ ના રોજ અવસાન થયેલ છે.
* **વિજાપુર : રસિકભાઈ મંગળદાસ નાયી**નું તા. ૧-૫-૨૪ ના રોજ અવસાન થયેલ છે.
* **લોદરા,** તા. માણસા : **ભારતીબેન અમૃતલાલ નાયી**નું **ઝામ્બિયા**ખાતે તા. ૮-૫-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ભાલક,** તા. વિસનગર : **ગોમતીબેન મણીલાલ નાયી**નું તા. ૨૧-૫-૨૪ ના રોજ અવસાન થયેલ છે.
* **બાલીસણા,** હાલ અમદાવાદ : **અમરભાઈ મણીલાલ લિમ્બાચીયા**નું તા. ૨૫-૫-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **માંડલ,** હાલ નડિયાદ : **શકરચંદ છનાલાલ પાલૈયા**નું તા. ૨૬-૫-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **કામલી,** હાલ સુરત : **નવિનચંદ્ર ચતુરભાઈ લિમ્બાચીયા**નું તા. ૨૭-૫-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **નેસડા,** તા. ધોળકા : **હસમુખભાઈ મહેશભાઈ પારેખ**નું તા. ૨૫-૫-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **હાથીજણ,** અમદાવાદ : **ભગવતીબેન દશરથલાલ પારેખ**નું તા. ૨૬-૫-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **બેરણા,** તા. હિંમતનગર : **મંગુબેન પુંજાભાઈ નાયી**નું તા. ૨૬-૫-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **પ્રતાપનગર,** તા. માણસા : **જયંતિભાઈ નાથાભાઈ પારેખ**નું તા. ૨૭-૫-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **સંડેર, પાટણ : ચંદ્રકાંતભાઈ ગોવિંદભાઈ વૈદ**નું તા. ૨૮-૫-૨૪ના રોજ અવસાન થયેલ છે.

**ઉપરોક્ત દિવંગત આત્માઓને પરમકૃપાળુ પરમાત્મા ચિરઃશાન્તિ અર્પે તેવી ગુજરાત વાળંદ સેવા સંઘની પ્રાર્થના.**

## BIO-DATA



| | | |
|---|---|---|
| Name | : | **Pankti Sharma** |
| Date of birth | : | 20th September 1998 |
| Native | : | Nadiad |
| Height | : | 5' 1" Weight : 54 Kg |
| City Living in | : | Mississauga, Ontario, Canada |
| Educational Qualifications | : | Project Management (Sheridan College) Canada M.C.A(Master of Computer Application, CHARUSAT), Changa, Gujarat. B.C.A(Bachelor of Computer Application, DDIT) Nadiad, Gujarat. |
| Job | : | System Engineer, Tata Consultancy Services, Gandhinagar, Gujarat |
| Hobbies | : | Traveling, Dancing |

**Family Details**

| | | |
|---|---|---|
| Father | : | Nareshkumar Kantilal Sharma (G.E.Lighting Ltd. (Machinist) (Retired)) |
| Mother | : | Mayurikaben Nareshkumar Sharma (Housewife) |
| Brother | : | Karan Nareshkumar Sharma (Software Developer (Canada)) |
| Sister-in-law | : | Khushbu Karan Sharma (Accountant (Canada)) |
| Mosal | : | Nadiad (Babubhai Kalidas Valand) E-1 Shri Santram Krupa, B/H Misson Road, Sardar Nagar, Nadiad |
| Contact Mobile No | : | +91 9723962253<br>+91 8460080962 |
| Email ID | : | mayurisharma2910@gmail.com<br>karansharmask@outlook.com |
| Address | : | B-304, Hari Om Avenue, Opp. Rameshwar Mahadev, Vallabhnagar, Pij Road, Nadiad - 387002 |

## BIO-DATA




**PERSONAL DETAILS :**

| | | |
|---|---|---|
| Name | : | **Jinal Panara** |
| Date Of Birth | : | 21 March 2001 |
| Height | : | 5'3" Weight : 50 kg |
| Body Type | : | Slim |
| Blood Group | : | B+ (positive) |
| Cast | : | Hindu Valand |
| Qualification | : | B.A. with Gujarati (College of L.D. Arts) (2021) & Gujarati Stenographar |
| Occupation | : | Personal Assistant to JS (PE) Education Department, Sachivalaya, Government of Gujarat. |
| Hobbies | : | Travelling, Music, Reading |

**FAMILY DETAILS :**

| | | |
|---|---|---|
| Grand Father | : | Jayrambhai Girdharbhai Panara |
| Grand Mother | : | Chandrikaben Jayrambhai Panara |
| Father | : | Ashvinbhai Jayrambhai Panara Private Secretary to CoT Government of Gujarat. |
| Mother | : | Kapilaben Ashvinbhai Panara (Housewife) |
| Brother | : | Sachin Ashvinbhai Panara Assistant Engineer, Road & Building Department, Government of Gujarat. |
| Sister in Law | : | Meghna Sachin Panara (Master of Pharmacy running) |
| Native | : | At.- Hirapura, Ta.- Viramgam Dist.- Ahmedabad |
| Address | : | 86, Giriraj society, Part-2, Nr. Railway Over-bridge, Chandlodiya, Ahmedabad- 382481 |

Registered under R.N.I. No. 9377/1957. Permitted to post at Ahmedabad PSO
on 2nd day of every Month under Postal Registration No. GAMC-810/2022-2024
Dt. 21-10-2021 Valid upto 31-12-2024 issued by SSPO's Ahmedabad City Division



## ભાવસભર શ્રદ્ધાંજલિ

### સ્વ. ચંદુલાલ વિઠ્ઠલદાસ લિમ્બાચીયા

**સ્વ. તા. ૨૦-૪-૨૦૨૪**

न जायते म्रियते वा कदाचिन् नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥
( श्रीमद् भगवदगीता २/२० )

આત્મા માટે કોઈ પણ વખતે જન્મ નથી અને મરણ પણ નથી. તે અજન્મા, સનાતન, શાશ્વત તથા પુરાતન છે.

વડનગર (ચાર શહેર સમાજ)ના સ્વ. ચંદુલાલ વિઠ્ઠલદાસ લિમ્બાચીયાનો ૮૮ વર્ષની ઉંમરે દેહવિલય થયો છે. તેમની જીવનયાત્રા એટલી મંગલમય રહી કે અમારા સ્મરણપટમાં સદા અંકિત રહેશે.

'જીવન એવું જીવ્યા કે સહુ જોયા કરે, કર્મ સદા એવાં કર્યાં કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે'

તેઓ જીવનપર્યંત સેવાના ભેખધારી રહ્યા. વડનગર તથા ચાર શહેર સમાજમાં સામાજિક, રાજકીય અનેકવિધ રીતે પ્રવૃત્ત રહ્યા. તેમનું સાદગી પૂર્ણ જીવન, સેવાભાવના તથા લાગણીશીલ સ્વભાવ હંમેશાં લોકોના દિલમાં જીવંત રહેશે.

જેમનું જીવન અંજલિ થયું તેવા સ્વજનનો સથવારો કેમ ભૂલાય...!? તેઓ સદેહે હયાત નથી પરંતુ તેમની સ્મૃતિઓની સુવાસ સદા મહેંકતી રહેશે. આપના ભક્તિમય જીવનનાં સ્મરણોરૂપી સુમન શ્રદ્ધાંજલિરૂપે અર્પણ કરીએ છીએ.

**પરિવારજન**

**સંજયભાઈ સી. લિમ્બાચીયા (પુત્ર)**
**મો. ૯૪૦૮૪૯૧૯૨૧**
**પરેશભાઈ સી. લિમ્બાચીયા (પુત્ર)**
**મો. ૯૫૧૨૦૨૧૫૧૫**
**રાકેશભાઈ સી. લિમ્બાચીયા (પુત્ર)**
**મો. ૯૮૨૫૦૯૭૦૧૧**
**ડૉ. જેનિલ એસ. લિમ્બાચીયા (પૌત્ર)**
**વૃષિકા એસ. લિમ્બાચીયા (પૌત્રી)**

**ભાવનાબેન એસ. લિમ્બાચીયા (પુત્રવધૂ)**
**નિશાબેન પી. લિમ્બાચિયા (પુત્રવધૂ)**
**ભૂમિબેન આર. લિમ્બાચીયા (પુત્રવધૂ)**
**નિરાલી આર. લિમ્બાચીયા (પૌત્રી)**
**પરમ આર. લિમ્બાચીયા (પૌત્ર)**
**સિદ્ધાર્થ પી. લિમ્બાચીયા (પૌત્ર)**

**ગુજરાત વાળંદ સેવા સંઘ સદ્‌ગતને શ્રદ્ધાંજલિ પાઠવે છે.**

Printed & Published by BALUBHAI BABABHAI PAREKH on behalf of SHREE GUJARAT VALAND SEVA SANGH and Printed at NAVPRABHAT PRINTING PRESS, 9, Punaji Industrial Estate, Dhobighat Cross Road, Dudheswar, Ahmedabad-380004, and Published from VALAND VIKAS Karyalaya, Gulbai Tekra, Opp. Pankaj Vidhyalaya, Ahmedabad-380006.
Editor - JAYANTIBHAI KARSHANBHAI LIMBACHIYA